
For Community Only

# નમસ્કાર ગુજરાત

USA Edition | Year 3 | Issue 33 | Saturday 20 April 2024 | Page 12


read epaper... newsonlinelive.tv

Editor-in-chief **Hiren Vyas** | Executive Editor **Nirav Govani** | Published by news online inc. (Weekly)



Gadgets ગુરૂ
Realme P સિરીઝ 15,999 ની શરૂઆતી કિંમતે લોન્ચ 4

2019માં ભરતસિંહને હરાવી મિતેશ પટેલ જાયન્ટ કિલર બન્યા, 2024માં શું? 7



ઈમરાન હાશ્મી અને મલ્લિકા શેરાવત ઝઘડો ભૂલી ગળે મળ્યાં 10




## UAEમાં કુદરતી આફત કે માનવસર્જિત આફત!

### ગલ્ફ દેશો ભોગવી રહ્યાં છે પોતાનાં જ કર્મોનું ફળ..!

# સર્વત્ર જળબંબાકાર

## પાણીએ ભારે વિનાશ વેર્યો...



## દુબઈમાં થોડા જ કલાકોમાં બે વર્ષ જેટલો વરસાદ, શહેરમાં તારાજી માટે કૃત્રિમ વરસાદ જવાબદાર?

■ સ્પેશિયલ રિપોર્ટ, દુબઈ...

દુબઈ.. રણમાં વસેલું એવું એક શહેર જેની ચકાચૌંધથી દરેક વ્યક્તિ આશ્ચર્યચકિત થઈ જાય છે. અહીંયા દર વર્ષે લાખો લોકો ફરવા માટે આવે છે. પરંતુ અચાનક 16 એપ્રિલ 2024ના દિવસે આ રણવિસ્તારમાં ભારે વરસાદ શરૂ થઈ ગયો. વરસાદ અટકવાનું નામ લઈ રહ્યો નહતો. વીજળીઓ જોરશોરથી કડકી રહી હતી. થોડીવારમાં ચારેબાજુ ઘનઘોર અંધકાર છવાઈ ગયો. અને તેટલી વારમાં તો ફ્લેશ ફ્લડ આવી ગયું. જેના કારણે એરપોર્ટ, મેટ્રો સ્ટેશન, મોલ, રસ્તા, બિઝનેસ એકમ સહિત દરેક જગ્યાએ પાણી ભરાઈ ગયા. સ્કૂલને તો તાત્કાલિક બંધ કરવાની ફરજ પડી. સોશિયલ મીડિયા પર તેની તસવીર અને વીડિયો વાયરલ થવા લાગ્યા. દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરની સ્થિતિ તો ચિંતાજનક હતી. કેમ કે અહીંયા વિમાન તો પાણીમાં તરતી હોડીઓ જેવા લાગી રહ્યા હતા. અહીંયા દર વર્ષે ઓછામાં ઓછો 6થી 7 ઈંચ જેટલો વરસાદ વરસે છે. પરંતુ આ તો એકસાથે 7 ઈંચ જેટલો વરસાદ ખાબક્યો. જેના કારણે જ્યાં જુઓ ત્યાં માત્ર પાણી જ પાણી જોવા મળતું હતું.

**વાંચો અંદરના પાને**

- શું ક્લાઉડ સીડિંગના કારણે દુબઈમાં પૂર આવ્યું?
- દુબઈમાં કેમ ક્લાઉડ સીડિંગ છે જરૂરી?
- ક્લાઉડ સીડિંગ એટલે કે કૃત્રિમ વરસાદ શું છે?
- આ ટેક્નોલોજીનો દુબઈમાં પહેલાં ઉપયોગ કરાયો છે?



# સ્પેશિયલ રિપોર્ટ, દુબઈ...

**શું ક્લાઉડ સીડિંગના કારણે દુબઈમાં પૂર આવ્યું?** વૈજ્ઞાનિકોનું માનવું છે કે ક્લાઉડ સીડિંગ એટલે કૃત્રિમ વરસાદના કારણે આવું થયું છે. દુબઈ પ્રશાસને સોમવારે અને મંગળવારે ક્લાઈડ સીડિંગ માટે વિમાન ઉડાડ્યા હતા. એવું લાગે છે કે તેમાં કંઈક ગરબડ થઈ છે. આ માણસો દ્વારા જળવાયુમાં જરૂરી ફેરફાર કરવાનો બેદરકારીભર્યો પ્રયાસ હતો. ગલ્ફ સ્ટેટ નેશનલ સેન્ટર ઓફ મેટેરોલોજીએ આ હકીકત પર મહોર મારતાં જણાવ્યું કે 15-16 તારીખે અલ-એન એરપોર્ટ પરથી ક્લાઉડ સીડિંગ માટે વિમાન ઉડ્યા હતા. છેલ્લા 2 દિવસમાં આ વિમાનોએ સાત વખત ઉડાન ભરી હતી. એવું લાગે છેકે ક્લાઉડ સીડિંગમાં કંઈક ભૂલ થઈ ગઈ. જેનું પરિણામ આખું દુબઈ ભોગવી રહ્યું છે. પરંતુ હેરાની એ વાતની છે કે આજુબાજુના દેશોમાં આવો નજારો કેમ છે?

**દુબઈ અને તેની આજુબાજુ વરસાદનો બોમ્બ કેમ ફૂટ્યો?** દુબઈ અને તેની આજુબાજુના દેશોમાં અત્યંત ધીમી ગતિથી સાઉધર્ન જેટ સ્ટ્રીમ વહી રહી છે. આ એક એવી વાયુમંડળીય હવા છે તે પોતાની સાથે ગરમી લઈને આવે છે. દુબઈ અને તેની આજુબાજુ સમુદ્ર છે. જ્યાં ધૂળના તોફાન અવારનવાર આવતા રહે છે. ધૂળ પોતે એક ક્લાઉડ સીડર છે. જેને વિજ્ઞાનની ભાષામાં કંડેનસેશન ન્યૂક્લિયાઈ કહે છે. એટલે ક્લાઉડ સીડિંગમાં ગરબડ થઈ. કેમ કે તેની સાથે વધારે પ્રમાણમાં ધૂળના કણો ભેગા થઈ ગયા. જેનાથી આ આફત આવી. જળવાયુમાં વધતી ગરમીના કારણે વરસાદની આવી ઘટનાઓ સામાન્ય વાત થઈ ગઈ છે. દુબઈમાં આવી ઘટનાઓ હવે બેગણી થશે. આ વરસાદે જોકે છેલ્લાં 75 વર્ષનો રેકોર્ડ તોડી નાંખ્યો છે.

**દુબઈમાં કેમ ક્લાઉડ સીડિંગ છે જરૂરી?** દુબઈમાં હમેશા પાણીની અછત રહે છે. કેમ કે અહીંયા ભૂગર્ભજળનો વધુપડતો ઉપયોગ કરવામાં આવે છે. તેમ છતાં પીવાના પાણીની અહીંયા અછત રહે છે. આથી ત્યાંની સરકારે કૃત્રિમ વરસાદનો સહારો લેવાનો વિચાર કર્યો. તેના માટે પ્રક્રિયા પણ પૂરી કરવામાં આવી. પરંતુ આ મામલો આ વખતે બગડી ગયો. અને તેનું દુષ્પરિણામ તમામ લોકોએ ભોગવવું પડ્યું. સુંયુક્ત અરબ અમીરાતે 1982માં પહેલીવાર ક્લાઉડ સીડિંગ કર્યુ હતું.

**ક્લાઉડ સીડિંગ એટલે કે કૃત્રિમ વરસાદ શું છે?** જ્યારે ક્યાંય કુદરતી વરસાદ પડતો નથી, ત્યારે વાદળોને કૃત્રિમ રીતે વરસાદમાં રૂપાંતરિત કરવાની તકનીકને ક્લાઉડ સીડિંગ કહે છે. ક્લાઉડ સીડિંગ માટે, સિલ્વર આયોડાઈડ, પોટેશિયમ આયોડાઈડ અને ડ્રાય આઈસ (સોલિડ કાર્બન ડાયોક્સાઇડ) જેવાં રસાયણો હેલિકોપ્ટર અથવા પ્લેન દ્વારા વાદળોની નજીક આકાશમાં વેરવિખેર કરવામાં છે. આ કણો હવામાં વરાળને આકર્ષે છે, તોફાની વાદળો બનાવે છે અને અંતે વરસાદ પડે છે. આ રીતે વરસાદ પડતાં અડધો કલાક જેટલો સમય લાગે છે.

**આ ટેક્નોલોજીનો દુબઈમાં પહેલાં ઉપયોગ કરવામાં આવ્યો છે?** જુલાઈ 2021માં જ્યારે દુબઈમાં તાપમાન 50 ડિગ્રીએ પહોંચ્યું ત્યારે ત્યાં ગરમીથી રાહત આપવા માટે ક્લાઉડ સીડિંગ કરવામાં આવ્યું હતું. આ ટેક્નિકનો ઉપયોગ અખાતના દેશોમાં દુષ્કાળનો સામનો કરવા માટે થાય છે. તેની શરૂઆત 1990ના દાયકામાં યુએઈમાં થઈ હતી.

**વિશ્વના કેટલા દેશો પાસે કૃત્રિમ વરસાદ બનાવવાની ટેક્નોલોજી છે?** ભારત પાસે કૃત્રિમ વરસાદ બનાવવાની ટેક્નોલોજી પણ છે. તેનો ઉપયોગ ઘણા પ્રસંગોએ પણ કરવામાં આવ્યો છે. આ સિવાય ચીન અને અમેરિકા સહિત વિશ્વના 60 દેશોએ કૃત્રિમ વરસાદ બનાવવાની ટેક્નોલોજી વિકસાવી છે.

**ક્લાઉડ સીડિંગ વરસાદનું કારણ બને એ સિવાય બીજું શું કરે છે?** આ ટેક્નોલોજીનો ઉપયોગ મોટા ભાગે દુષ્કાળગ્રસ્ત વિસ્તારો અથવા વાયુ-પ્રદૂષણનો સામનો કરવા માટે થાય છે. કેટલીકવાર કેટલાક એરપોર્ટની આસપાસના ધુમ્મસને દૂર કરવા માટે પણ ક્લાઉડ સીડિંગનો ઉપયોગ કરવામાં આવે છે. 2008 બીજિંગ ઓલિમ્પિક્સ આનું એક ઉત્તમ ઉદાહરણ છે, જ્યાં ચીને બીજિંગમાં એક દિવસ અગાઉથી વાદળોને ક્લાઉડ સીડિંગ દ્વારા વરસાદમાં રૂપાંતરિત કરીને વરસાદ કરાવ્યો હતો. NBC ન્યૂઝ અનુસાર, ચીને ક્લાઉડ સીડિંગ માટે 11 હજાર હથિયારોનો ઉપયોગ કર્યો હતો. તેમાં 6,781 રોકેટ લોન્ચર અને 4,110 આર્ટિલરી ગનનો સમાવેશ થાય છે. ક્લાઉડ સીડિંગના બે મુખ્ય ઉદ્દેશ્યો છે - કાં તો વરસાદ અથવા હિમવર્ષા વધારવા માટે અથવા તો એક કે બે દિવસ અગાઉથી કોઈ ચોક્કસ જગ્યાએ વરસાદ કરાવવો.

**ક્લાઉડ સીડિંગને કારણે ગલ્ફ દેશોમાં પૂર આવ્યું?** જ્યારે કોઈ ચોક્કસ જગ્યાએ કોઈ ચોક્કસ સમયે વધુ પડતો વરસાદ પડે ત્યારે આપણે એને વાદળ ફાટવું કહીએ છીએ. વાદળ ફાટવું એ વાત પર નિર્ભર કરે છે કે ક્લાઉડ સીડિંગથી કેટલાં વાદળ જમા થયાં છે. જો અતિશય વરાળથી ભરેલાં વાદળોને ઓળખી અને તેમાં ક્લાઉડ સીડિંગ કરવામાં આવે તો વાદળો ફાટી શકે છે. આવી સ્થિતિમાં, શક્ય છે કે તેના કારણે UAE સહિત ખાડી દેશોમાં ભારે વરસાદ પડ્યો હોય. જે પૂરનું કારણ બન્યું હતું.

**અમેરિકા દ્વારા યુદ્ધ જીતવા માટે ક્લાઉડ સીડિંગ કરવામાં આવ્યું હતું?** અમેરિકાએ 1967 અને 1972 વચ્ચે વિયેતનામ યુદ્ધ દરમિયાન ક્લાઉડ સીડિંગ ટેક્નોલોજીનો ઉપયોગ કર્યો હતો. આ યુદ્ધમાં અમેરિકાએ વિયેતનામ પર વિજય મેળવવા માટે ઓપરેશન પોપોય શરૂ કર્યું હતું. આ અંતર્ગત અમેરિકાએ વિયેતનામના હો ચી મિન્હ શહેરમાં ક્લાઉડ સીડિંગ દ્વારા ક્લાઉડ બર્સ્ટની ઘટનાને અંજામ આપ્યો હતો. જેના કારણે ત્યાં અચાનક વરસાદ, પૂર અને ભૂસ્ખલનની સ્થિતિ સર્જાઈ હતી. જેના કારણે વિયેતનામ આર્મીને ભારે નુકસાન થયું હતું.



# USમાં 12 લાખ ભારતીયો ગ્રીન કાર્ડની જુએ છે રાહ

**2030 સુધીમાં આ સંખ્યા વધીને 22 લાખ થઇ જશેઃ ફોર્બ્સ, અમેરિકા દર વર્ષે 1.40 લાખ નાગરિકોને ગ્રીન કાર્ડ જારી કરે છે...**

■ વોશિંગ્ટન

અમેરિકામાં રહેતા ૧૦ લાખથી વધારે ભારતીયો એવા છે જેમને ગ્રીન કાર્ડ માટે વર્ષો સુધી રાહ જોવી પડશે. યુએસ સિટીઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસીસ (યુએસસીઆઇએસ)ના આંકડાઓ પરથી આ માહિતી સામે આવી છે.ફોર્બ્સના રિપોર્ટ અનુસાર યુએસસીઆઈએસના ડેટા પરથી જાણવા મળ્યું છે કે ડોક્ટરો, એન્જિનિયરો અને વૈજ્ઞાાનિકો સહિત ભારતના હજારો-લાખો હાઈ સ્કીલ પ્રોફેશનલને અમેરિકામાં ગ્રીન કાર્ડ પ્રાપ્ત કરવામાં લાંબા સમય સુધી રાહ જોવી પડી શકે છે. ફોર્બ્સના રિપોર્ટ અનુસાર નેશનલ ફાઉન્ડેશન ફોર અમેરિકન પોલીસી (એનએફએપી)એ ૨ નવેમ્બર સુધીના યુએસસીઆઇએસ ડેટાનું વિશ્લેષણ કર્યુ તો તેમને જાણવા મળ્યું છે કે ૧૨ લાખથી વધુ ભારતીયો એવા છે જે ગ્રીન કાર્ડ મળવાની રાહ જોઇ રહ્યાં છે.

## ધીમી કામગીરીના કારણે અરજદારોને હાલાકી

ભારતીયોની પ્રથમ પ્રાથમિકતા ઈબી-૧ કેટેગરીમાં છે. આ કેટેગરીમાં પ્રોફેસર, રિસર્ચર્સ, મેનેજર જેવી પોસ્ટ પર કામ કરતા લોકોને ગ્રીન કાર્ડ આપવામાં આવે છે. આ કેટેગરી હેઠળ ગ્રીન કાર્ડ મેળવવા માટે ૧,૪૩,૪૯૭ ભારતીયો રાહ જોઇ રહ્યાં છે. ત્યારબાદ ઈબી-૨ કેટેગરી આવે છે. જેમાં સાયન્સ, આર્ટસ અને બિઝનેસ જેવા ફિલ્ડ સાથે જોડાયેલા લોકોને ગ્રીન કાર્ડ આપવામાં આવે છે. જેમાં ૮,૩૮,૭૮૪ ભારતીયો લાઇનમાં છે. ત્રીજી કેટેગરી ઈબી-૩ છે જેમાં એવા પ્રોફેશનલ્સને ગ્રીન કાર્ડ આપવામાં આવે છે જેમની પાસે બેચલર ડિગ્રી હોય છે. આ કેટેગરીમાં ૧,૩૮,૫૮૧ ભારતીય છે. એનએફએપીએ જણાવ્યું હતું કે યુએસસીઆઇએસના આંકડાઓ અનુસાર બે નવેમ્બર, ૨૦૨૩ સુધી કુલ ૧૨,૫૯,૪૪૩ ભારતીયોના ગ્રીન કાર્ડ બેકલોગમાં હતાં.

## ગ્રીન કાર્ડ મેળવવામાં 195 વર્ષનો સમય

ફોર્બ્સ રિપોર્ટ અનુસાર ૨૦૩૦ સુધીમાં આ સંખ્યા વધીને ૨૨ લાખ થઇ જશે એટલે કે ૨૨ લાખ લોકો ગ્રીન કાર્ડ મેળવવાની રાહ જોઇ રહ્યાં હશે. જેને પૂર્ણ થવામાં ૧૯૫ વર્ષનો સમય લાગી શકે છે. ભારતીયો માટે વેઇટિંગ પીરિયડ ચીન સહિતના દેશોની સરખામણીમાં ઘણું વધારે છે કારણકે દરેક દેશનો કવોટા નિશ્ચિત હોય છે. અમેરિકા દર વર્ષે ૧.૪૦ લાખ નાગરિકોને ગ્રીન કાર્ડ જારી કરે છે. અમેરિકા કાયદા મુજબ દરેક દેશનો સાત ટકા કવોટા નક્કી કરવામાં આવ્યો છે. ગ્રીન કાર્ડને અમેરિકામાં સત્તાવાર રીતે કાયમ માટે રહેવા માટેનો દસ્તાવેજ છે. આ દસ્તાવેજ હેઠળ વીઝાધારકને સ્થાયી રીતે રહેવાનો અધિકાર આપવામાં આવે છે.

નમસ્કાર ગુજરાત
INDIA - USA - UK
NEW ZEALAND - AUSTRALIA

આપ આપના શહેરની પ્રેસનોટ અથવા કાર્યક્રમની માહિતી અથવા ફોટો અમને અમારા નીચેના ઇ-મેલ આઈડી પર મોકલી શકો છો.
**namashkargujarat@gmail.com**

**Publisher & Editor-in-Chief**
Hiren Vyas
+91 98982 65678

**Executive Editor**
**Marketing USA**
Nirav Govani
+1 (312) 686-5974

**Design**
Farhan Ajmerwala

**California Representative**
Ramanlal Patel
+1 (909) 205-6442

**Spl. Correspondent**
Sandip Hirpara
+91 90338 36330

**USA Office**
607, Burgess ct., Schaumburg, Illinois - 60194.

**Marketing India**
Mohit Hemilton +91 98799 18199
Het Vyas +91 95370 31696

**For Advertisement**
namashkargujarat@gmail.com

**India Office** 10th Floor, Shivalik Complex, Opp. Bank of Baroda, Panchvati Circle, Ambawadi, Ahmedabad - 380015.

**Disclaimer :** Namaskar Gujarat make no warranties or responsible as to the accuracy of the content and assumes no liability or responsibility for any error or omission in the content. Namaskar Gujarat is not responsible or liable for any claims made in advertisements or classifieds.Any question or comments concering advertisement or classifieds within this newspaper should be directed to the advertiser.The views,advice,opinions,and information in letters to the editor,analysis section,legal section or any other article in this publication are those of the writers and do not necessarily represent those of Namaskar Gujarat. All editorial rights reserved to News Online Cable Broadcasting Pvt. Ltd. Ahmedabad.

# નેસ્લે અંગે ચોંકાવનારો ખુલાસો, એશિયા-આફ્રિકાના બેબી ફૂડમાં ખાંડ મળી આવી

## દૂધ-સેરેલેક જેવા ફુડ્સના 1 સર્વિંગમાં સરેરાશ 4 ગ્રામ ખાંડ મળી આવતાં લોકો ચોંકી ઉઠ્યા

## વધુ પડતી ખાંડ ખાવાથી માનસિક સ્વાસ્થ્ય અને યાદ શક્તિ પર ખરાબ રીતે અસર થાય છે

■ બેલ્જિયમ

FMCG કંપની નેસ્લે એશિયા-આફ્રિકાના દેશોમાં વેચાતા દૂધ અને સેરેલેક જેવા બાળકોના ફુડ પ્રોડક્ટમાં ખાંડ અને મધ ભેળવે છે. ઝ્યુરિખ ખાતે પબ્લિક આઈ એન્ડ ઈન્ટરનેશનલ બેબી ફૂડ એક્શન નેટવર્કે પોતાના રિપોર્ટમાં આ વાતનો ખુલાસો કર્યો છે. અહેવાલ મુજબ, એશિયા, લેટિન અમેરિકા અને આફ્રિકામાં વેચાતા છ મહિના સુધીના બાળકો માટે લગભગ તમામ ઘઉં આધારિત બેબી ફૂડમાં સરેરાશ 4 ગ્રામ ખાંડ પ્રતિ કટોરી (1 સર્વિંગ) જોવા મળી છે. પબ્લિક આઈએ બેલ્જિયમ સ્થિત એક લેબમાં કંપનીની 150 પ્રોડક્ટોનું પરીક્ષણ કર્યું.

જો પબ્લિક આઈનો આ દાવો સાચો સાબિત થાય છે, તો તે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)ની સૂચનાઓનું ઉલ્લંઘન છે. WHOની ગાઈડલાઈન અનુસાર, 3 વર્ષથી ઓછી ઉંમરના બાળકોના ખોરાકમાં ખાંડ અથવા મીઠા પદાર્થોનો ઉપયોગ કરવો જોઈએ નહીં. સૌથી વધુ ખાંડ ફિલિપાઈન્સના એક સર્વિંગમાં 7.3 ગ્રામ મળી હતી. તેમજ, નાઈજિરીયામાં બાળકના ખોરાકમાં 6.8 ગ્રામ અને સેનેગલમાં 5.9 ગ્રામ ખાંડ મળી આવી હતી.




### ભારતમાં આશરે 3 ગ્રામ સરેરાશ ખાંડનું મિશ્રણ

નેસ્લે ભારતમાં લગભગ તમામ બેબી સેરેલેક ઉત્પાદનોની દરેક સેવામાં સરેરાશ 3 ગ્રામ ખાંડ મળે છે, જ્યારે 100 ગ્રામ સેરેલેકમાં 24 ગ્રામ ખાંડ હોય છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે નેસ્લે તેના ઉત્પાદનોમાં હાજર વિટામિન્સ, મિનરલ્સ અને અન્ય પોષક તત્ત્વોને મુખ્ય રીતે પ્રકાશિત કરે છે, પરંતુ ખાંડના મિશ્રણના મામલે કંપની પારદર્શક નથી.

### વધુ પડતી ગળી વસ્તુઓ ખાવા- પીવાથી શું નુકસાન થાય છે?

- હાઈ બ્લડ પ્રેશર અને હૃદય રોગનું જોખમ વધે છે.
- શરીરમાં ખરાબ કોલેસ્ટ્રોલ વધે છે. ડાયાબિટીસ થઈ શકે છે.
- અલ્ઝાઈમરનું જોખમ બની શકે છે.
- દાંતમાં પોલાણની સમસ્યા થઈ શકે છે.
- ખાંડ માનસિક સ્વાસ્થ્યને અસર કરે છે. તેનાથી યાદશક્તિ પર ખરાબ અસર પડે છે.
- ખાંડ ખાવાથી શ્વેત રક્તકણો 50 ટકા નબળા પડે છે. આ કારણે રોગપ્રતિકારક શક્તિ નબળી પડી જાય છે.
- નોન-આલ્કોહોલ ફેટી લીવરની સમસ્યાનું કારણ બની શકે છે. જેના કારણે લીવરમાં ચરબી જમા થાય છે.

## EPFOનો ફેરફાર, PFમાં રૂ. 1 લાખ સુધી ઉપાડી શકાશે

■ નવી દિલ્લી

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) એ પીએફ ખાતાધારકોને મોટી રાહત આપતા ઉપાડના નિયમોમાં ફેરાફાર કર્યા છે. પીએફ એકાઉન્ટ હોલ્ડર હવે તેના અથવા પોતાના આશ્રિતોની સારવાર માટે રૂ. 1 લાખ સુધીનું ફંડ ઉપાડી શકશે. અત્યારસુધી આ ઉપાડની મર્યાદા રૂ. 50 હજાર સુધી હતી. ઈપીએફઓ દ્વારા સારવાર માટે ઉપાડ સંબંધિત ફેરફારો 16 એપ્રિલ, 2024થી લાગૂ થયા છે. આ ફેરફારો લાગૂ કરવા 10 એપ્રિલે ઈપીએફઓના એપ્લિકેશન સોફ્ટવેરમાં ફેરફાર કર્યો હતો. જે અંતર્ગત 68J અંતર્ગત ઉપાડ કરી શકશે. ગંભીર બિમારીની સારવારનો ખર્ચ વધુ હોવાથી ઈપીએફઓએ સેન્ટ્રલ પ્રોવિડન્ટ ફંડ કમિશનર પાસેથી આ ફેરફાર લાગૂ કરવા મંજૂરી મેળવી છે. પીએફ એકાઉન્ટ હોલ્ડર ગંભીર બિમારી કે અસામાન્ય બિમારીથી પીડિત સ્વજનોની સારવાર અર્થે આ રકમ ઉપાડી શકશે.

## સરકારનો ઈ-કૉમર્સ વેબસાઈટને આદેશ

### ફૂડ પેકેટના ફ્રન્ટ પર ચેતવણી જરૂરી 25 ગ્રામથી વધારે ખાંડ ખતરનાક છે

■ નવી દિલ્હી

હવે બોર્નવિટા જેવી તમામ પ્રોડક્ટ્સ ઈ-કોમર્સ સાઈટ્સ પર હેલ્થ ડ્રિંકના નામે વેચાશે નહીં. ઉદ્યોગ મંત્રાલયના જણાવ્યા અનુસાર નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સને તપાસ બાદ જાણવા મળ્યું છે કે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ 'હેલ્થ ડ્રિંક્સ'ની કોઈ વ્યાખ્યા નથી. આ નિર્ણય મોડો લેવાયો છે પણ તે યોગ્ય પગલું છે. દેશમાં બિનઆરોગ્યપ્રદ અને સ્વસ્થ (સ્વાસ્થ્ય માટે સારું)ની ચોક્કસ વ્યાખ્યા હોવી જોઈએ. તે ખાદ્ય પદાર્થો અને પીણાં પર સમાનરૂપે લાગુ થવી જોઈએ. છેલ્લા બે વર્ષથી ફ્રન્ટ ઓફ ધ પેક લેબલ (એફઓપીએલ) પર ચેતવણી છાપવા અંગે કાયદો પસાર કરવાનો મામલો સરકાર પાસે પેન્ડિંગ છે. એફઓપીએલ સૌથી મહત્વપૂર્ણ ચેતવણી છે. આ સાથે સામાન્ય ગ્રાહક ઉત્પાદન વિશે સચોટ માહિતી મેળવી શકશે. ડબલ્યુએચઓના ધોરણો અનુસાર એક દિવસમાં 25 ગ્રામથી વધુ ખાંડ ખતરનાક છે.


## 2025માં ચાંદી ઐતિહાસિક ૪૯.૭૬ ડોલરને કૂદાવી જશે

■ મુંબઈ

સમયાંતરે સોના ચાંદીમાંથી કઈ ધાતુ વધારે નફો આપશે, તેની ગણતરીમાં ગોલ્ડ સિલ્વર રેશિયો મહત્વની ભૂમિકા નિભાવે છે. આ રેશિયો રોકાણકાર અને વેપારીઓને એ સમજ આપે છે કે સોનું અને ચાંદી એક બીજાની સ્પર્ધામાં કઈ રીતે ઉતાર ચઢાવ કરશે. રોકાણકારને રેશિયો, એ પણ સમજ આપે છે કે કયા ગોલ્ડ સિલ્વર રેશિયોથી, ક્યારે સોનું કે ચાંદી વેચવા કે ખરીદવા. એક ઔંસ (૩૧.૧૦૩૪૭ ગ્રામ) સોનાના ભાવથી એક ઔંસ ચાંદીના ભાવનો ભાગાકાર કરવાથી જે રકમ આવે તેને આપણે ગોલ્ડ સિલ્વર રેશિયો કહીશું. ગુરુવારે ઈન્ટ્રાડેમાં સોનાનો ભાવ પ્રતિ ઔંસ ૨૩૮૦ ડોલર હતો, જ્યારે ચાંદી ૨૮.૪૮ ડોલર બોલાતી હતી. આથી ગોલ્ડ સિલવર રેશિયો ૮૩.૬૧ થયો હતો. જો આ રેશિયો વધે તો સમજવું કે ચાંદી કરતાં સોનાના ભાવ વધુ વેગથી વધી રહ્યા છે, આ સંયોગમાં રોકાણકારોએ સોનાને મૂડીરોકાણનું સ્વર્ગ ગણવું જોઈએ, આનો અર્થ એ થાય કે અર્થતંત્રમાં અનિશ્ચિતતાઓ નિર્માણ થઈ છે.

## NEWS FILE

### અદાણી ગ્રૂપનું અંબુજામાં કુલ 20000 કરોડનું રોકાણ થયું




નવી દિલ્હી: અદાણી પોર્ટફોલિયો હેઠળ સિમેન્ટ અને બિલ્ડિંગ મટિરિયલ્સની ટોચની કંપની અંબુજા સિમેન્ટ્સ લિમિટેડ (અંબુજા)ને તેની વૃદ્ધિમાં ઉમેરો કર્યો છે. કંપનીના પ્રમોટર્સ અદાણી ફેમિલીએ વધુ રૂ. 8,339 કરોડનું રોકાણ કરીને કંપનીના વોરંટ પ્રોગ્રામને સંપૂર્ણ સબસ્ક્રાઈબ કર્યો છે, જે સાથે કુલ રોકાણ રૂ. 20,000 કરોડ થયું છે. અદાણી ફેમિલીએ કંપનીમાં તેમનો હિસ્સો વધુ 3.6 ટકા વધારીને 70.3 ટકા કર્યો છે. આ પહેલાં 18 ઓક્ટોબર, 2022માં રૂ.5000 કરોડ અને 28 માર્ચ 2024ના રોજ રૂ. 6,661 કરોડનું રોકાણ કરાયું હતું.

### 14 માસમાં ફુગાવો 3% ઘટ્યો પરંતુ રેપોરેટ સ્થિર: રિપોર્ટ

વૉશિંગ્ટન: મોર્ગન સ્ટેનલીના અર્થશાસ્ત્રીઓ કહે છે કે ભારતને આ વર્ષે પર્સનલ, હોમ અને વાહન લોન પરના ઊંચા વ્યાજ દરોમાંથી રાહત મળવાની શક્યતા નથી. તેમનું માનવું છે કે રિઝર્વ બેન્ક ચાલુ નાણાકીય વર્ષ એટલે કે માર્ચ 2025 સુધી રેપો રેટમાં ઘટાડો નહીં કરે. તે માત્ર 6.5% ના વર્તમાન સ્તરે જાળવી શકે છે. એક અમેરિકન બ્રોકરેજ ફર્મના અર્થશાસ્ત્રીઓએ એક રિપોર્ટમાં લખ્યું છે કે ખાદ્ય ચીજવસ્તુઓ અને ક્રૂડ ઓઈલ જેવી ચીજવસ્તુઓ મોંઘી થઈ રહી છે. આ સિવાય અમેરિકામાં મોંઘવારી વધવાને કારણે વ્યાજદર ઘટાડવામાં વિલંબ થશે.

### ટેસ્લા ઈવી પ્લાન્ટની રેસમાં મહારાષ્ટ્ર રાજ્ય સૌથી મોખરે



ન્યૂયોર્ક: ભારતમાં ટેસ્લા ઈવી (ઈલેક્ટ્રિક વ્હીકલ) પ્લાન્ટ્સની રેસમાં મહારાષ્ટ્ર સૌથી મોખરે છે. મહારાષ્ટ્રના પૂણેમાં પ્લાન્ટ સ્થપાય તેવી વકી છે. ટેસ્લા કંપનીનાં સૂત્રોએ ભાસ્કરને જણાવ્યું કે કંપની લગભગ રૂ. 25 હજાર કરોડનું રોકાણ કરી શકે છે. ગુજરાત, તમિલનાડુ, તેલંગાણા અને રાજસ્થાને પણ પ્લાન્ટ માટે દાવા રજૂ કર્યા છે, પરંતુ અત્યાર સુધી મહારાષ્ટ્રનું પલ્લું ભારે છે. પ્લાન્ટ માટે ટેસ્લાની નજરમાં મહરાષ્ટ્ર એટલા માટે મોખરે છે કારણે રાજ્યામાં મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે. જો મહારાષ્ટ્રના પૂણેમાં પ્લાન્ટ સ્થાપવામાં આવે તો અહીં કામદારોની સંખ્યા પણ અન્ય શહેરો કરતાં વધુ હશે.


# ગુગલે ફરી એકવાર કર્મચારીઓની છટણી કરી

## છૂટા કરાયેલા લોકોને વિદેશમાં બદલીનો વિકલ્પ આપ્યો

■ કેલિફોર્નિયા

વૈશ્વિક પડકારો વચ્ચે ઘણી કંપનીઓ મંદીનો સામનો કરી રહી છે. ખર્ચમાં ઘટાડો કરવાના ભાગરૂપે આ કંપનીઓ મોટાપાયે કર્મચારીઓની છટણી કરી રહી છે. હાલમાં જ ટેસ્લાએ કર્મચારીઓની સંખ્યા 10 ટકા ઘટાડવાની જાહેરાત કર્યા બાદ આજે ગુગલે પણ છટણી પ્રક્રિયા હાથ ધરી હોવાના અહેવાલો મળ્યા છે. આલ્ફાબેટની માલિકીની ગુગલે મોટાપાયે છટણી પ્રક્રિયા હાથ ધરી છે. કંપનીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ખર્ચમાં ઘટાડો કરવા ગુગલે કર્મચારીઓની સંખ્યા ઘટાડવા નિર્ણય લીધો છે. જો કે, કંપની તમામ વિભાગોમાંથી છટણી કરી રહી નથી. તેથી તેણે છૂટા કરવામાં આવેલા કર્મચારીઓને અન્ય પદ માટે અરજી કરવા કહ્યું છે. ગુગલે છટણી પ્રક્રિયામાં સામેલ કર્મચારીઓને ભારત, શિકાગો, એટલાન્ટા અને ડબલિન સહિતના સ્થળોએ બદલી કરવાનો વિકલ્પ આપ્યો છે. ઉલ્લેખનીય છે, આ વર્ષે ટેક અને મીડિયા જગતમાં મોટાપાયે છટણી હાથ ધરવામાં આવી હતી. જે કંપનીઓ આર્થિક કટોકટીનો સામનો કરી રહી હોવાનો પુરાવો આપે છે.

### આ વિભાગોના કર્મચારીઓને છૂટા કરાયા



ગુગલે રિયલ એસ્ટેટ અને ફાઈનાન્સ ડિપાર્ટમેન્ટની ટીમોમાંથી અમુક કર્મચારીઓની છટણી કરી છે. તેમજ ગુગલના ફાઈનાન્સ હેડ રૂથ પોરાટે પોતાના કર્મચારીઓને રિસ્ટ્રક્ચરિંગના ભાગરૂપે બેંગ્લુરૂ, મેક્સિકો અને ડબલિન શહેરમાં વિસ્તરણ માટે બદલીનો વિકલ્પ અપનાવવા કહ્યું છે. ગુગલે આ વર્ષે જાન્યુઆરીમાં જ પોતાના એન્જિનિયરિંગ, હાર્ડવેર અને સપોર્ટીવ ટીમો સહિત વિવિધ ટીમોના સેકડોં કર્મચારીઓને છૂટા કર્યા હતા. જેની પાછળનું કારણ કંપનીમાં રોકાણ વધતાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની સ્વીકૃતિ દર્શાવ્યું હતું. ગુગલના સીઈઓ સુંદર પિચાઈએ આ વર્ષની શરૂઆતમાં જ કર્મચારીઓની છટણી કરવાની આગાહી આપી હતી.

## તંત્રીસ્થાનેથી...

# દુનિયામાં ચાલી રહેલા ટ્રેડવોરનો લાભ કોને મળશે?




વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશને ઈ. સ. ૨૦૨૪ સુધી વેપારના કદમાં વૃદ્ધિ માટે તેના અનુમાનોમાં સુધારો કર્યો છે. તેણે તેને ગત ઓક્ટોબરમાં ૩.૩ ટકા જાહેર કર્યા બાદ હવે ઘટાડીને ૨.૬ ટકા કર્યો છે. જ્યારે વૈશ્વિક વેપારમાં ધીમી વૃદ્ધિ સંભાવનાઓ પર ભાર મૂક્યો છે ત્યારે ભારતે ઉભરતા દ્રશ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. ઉદાહરણ તરીકે, અમેરિકા અને ચીન વચ્ચે ઘણા સમયથી વેપાર યુદ્ધની સ્થિતિ છે. ઓછામાં ઓછા છેલ્લા પાંચ વર્ષથી આવું થઈ રહ્યું છે. અમેરિકા દ્વારા જુલાઈ અને ઓગસ્ટ ૨૦૧૮માં પસંદગીની ચીની ચીજવસ્તુઓની આયાત પર ૨૫ ટકા ડ્યૂટી લગાવીને આની શરૂઆત કરવામાં આવી હતી. ખાસ કરીને સર્વસામાન્ય ઉપભોક્તાઓ માટેના માલ પર પછીના વર્ષે વધુ ફી લાદવામાં આવી હતી.

એકંદરે, આશરે ૩૫૦ બિલિયન ડોલરની આયાતને અસર થઈ હતી. પરંતુ આવા ટેરિફની અસર ગ્રાહક ભાવો પર પડશે તે જોતાં, તત્કાલીન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આયોજિત ટેરિફ વધારો અટકાવ્યો હતો. આવી સ્થિતિમાં જો આપણે લેપટોપ કોમ્પ્યુટર, કોમ્પ્યુટર મોનિટર, મોબાઈલ ફોન, વિડીયો ગેમ કન્સોલ અને રમકડાં વિશે વાત કરીએ તો ડિસેમ્બર ૨૦૧૯માં તેના પરની ડ્યુટી વધારવાની યોજના હોવા છતાં તે ઊંચી આયાત ડ્યુટીના દાયરામાં આવતા નથી. ભારત સરકાર અમેરિકા જેવા પગલા લઈ શકી નથી એનું એક વાજબી કારણ એ છે કે ભારત ટ્રેડવોરમાં સીધું જ અમેરિકાની પડખે ચડે નહિ. જો કે ભારત દ્વારા ઘણા માલ ક્યારેય ઉચ્ચ ડ્યુટીના દાયરામાં આવ્યા નથી, આ માલની સપ્લાય ચેઈન બદલાઈ ગઈ છે. આવી સ્થિતિમાં ચીનમાંથી મોબાઈલ ફોનની આયાત ૧૦ થી ૧૫ ટકાના દરે વધી રહી છે, જ્યારે બાકીની દુનિયામાંથી આયાત ૭૦ ટકા સુધી વધી છે.

ભારત માટે સંબંધિત બાબત એ છે કે જોખમ દૂર કરવાની આ પ્રક્રિયામાં આપણે પ્રમાણમાં યુવાન છીએ. ઈન્ડસ્ટ્રી ગ્રુપ ઈન્ડિયા સેલ્યુલર એન્ડ ઈલેક્ટ્રોનિક્સ એસોસિએશન (આઈસીઈએ) દ્વારા છેલ્લા કેટલાક વર્ષોમાં પ્રકાશિત થયેલા કેટલાક અહેવાલો દર્શાવે છે કે ભારતની નિકાસમાં વધારો થયો છે પરંતુ ટ્રેડવોર પછીની આ વેપાર પુનઃરચનાનો મોટો હિસ્સો વિયેતનામ જેવા દેશોને મળ્યો છે. નવીનતમ આંકડા દર્શાવે છે કે વિયેતનામની ઈલેક્ટ્રોનિક્સ નિકાસ ઈ. સ. ૨૦૧૮માં ૧૨.૧ બિલિયન ડોલર હતી જે વધીને ઈ. સ. ૨૦૨૩માં ૫૧.૨ બિલિયન ડોલર થઈ ગઈ છે. ભારતની વાત કરીએ તો આ સમયગાળા દરમિયાન આપણી નિકાસ ૧.૩ બિલિયન ડોલરથી વધીને માત્ર ૮.૯ બિલિયન ડોલર થઈ ગઈ છે. આ કુલ બિન-ચીની આયાતના માત્ર ૫.૫ ટકા છે. અમેરિકાને સપ્લાય કરતી કંપનીઓ સ્વેચ્છાએ તેમના ઘટકોમાં ચીની વસ્તુઓનો ઉપયોગ ઘટાડી રહી છે.

પુરવઠા શૃંખલામાં ચીનને બદલવામાં અન્ય દેશો ભારત કરતાં વધુ સારી કામગીરી કરી રહ્યા છે. પ્રથમ, જો તેમની પાસે નીચા અને સ્થિર ફી દરો સાથે ટ્રેડિંગ વ્યવસ્થા હોય. સ્વાભાવિક રીતે, આનાથી મેક્સિકો જેવા દેશોને ફાયદો થાય છે જેમની પાસે પહેલેથી જ વેપાર કરાર છે. તેનાથી વિયેતનામ જેવા દેશોને પણ ફાયદો થાય છે જેમણે નીચા ટેરિફ દરની વેપાર નીતિ અપનાવી છે. કંપનીઓ દર ફેરફારો અથવા નિયંત્રણોથી પ્રભાવિત થવા ચાહતી નથી. જોકે, ભારતે સ્થાનિક ઉત્પાદનમાં વધારાને ધ્યાનમાં રાખીને ડ્યૂટીમાં વધારો કર્યો છે. બીજું કારણ વ્યાપક બિઝનેસ વાતાવરણ છે. એપલ અને તેના માટે કામ કરતી કંપનીઓને આકર્ષવામાં ભારત સફળ રહ્યું છે. ઈ. સ. ૨૦૧૮થી ઈલેક્ટ્રોનિક્સ નિકાસમાં સાત ગણો વધારો થયો છે, જેને આ સાથે જોડી શકાય છે. પરંતુ તેમની વ્યવસાય તરફી નીતિઓ સાથે અન્ય દેશોએ સારું પ્રદર્શન કર્યું છે.

સેમસંગ અને એલજી બંનેએ તેમના વિશાળ ઉત્પાદન યુનિટોને સ્થાનાંતરિત કરવા માટે વિયેતનામ પસંદ કર્યું. સેમસંગ વિયેતનામથી ૧૨૩ દેશોમાં જ્યારે ભારતમાંથી માત્ર બે ડઝન દેશોમાં નિકાસ કરે છે. અમેરિકાના કારણે ચીનથી દૂર રહેતી કંપનીઓનો લાભ લેવાની ભારત માટે અહીં તક છે. પરંતુ જેમ જેમ ભારતના હરીફ દેશોમાં રોકાણ સફળ થશે તેમ તેમ ભારત માટેની તકો મર્યાદિત થશે.



# 'મર્સીનરી સ્પાયવેર'માં ઈઝરાયલની મોનોપોલી, વરસે 84 લાખ કરોડનો વકરો

## વિચાર મંથન

એપલે ભારત સહિત ૯૨ દેશોના આઈફોન યુઝર્સ 'મર્સીનરી સ્પાયવેર'થી સાવચેત રહેવા ચેતવણી આપતાં આખી દુનિયામાં ખળભળાટ મચ્યો છે. એપલે 'મર્સીનરી સ્પાયવેર'નો ભોગ બની શકે એવા લોકોને ઈ-મેલ નોટિફિકેશન દ્વારા ચેતવ્યા છે કે, 'મર્સીનરી સ્પાયવેર'થી હુમલો કરનારા દૂર બેઠાં બેઠાં આઈફોન સાથે ચેડાં કરવા પ્રયત્ન કરી શકે છે. એપલનાં નોટિફિકેશન કોને મળ્યાં એ સ્પષ્ટ નથી પણ આઈફોનનો ઉપયોગ મોટા ભાગે હાઈ પ્રોફાઈલ લોકો જ કરે છે તેથી મોટા માણસો જ હશે. આ લોકો વિપક્ષના નેતા, શાસક પક્ષમાં જ સરકારના વિરોધીઓ, બુધ્ધિજીવીઓ, ઉદ્યોગપતિઓ, બિઝનેસમેન, રાજદ્વારીઓ, આંદોલનકારીઓ સહિત કોઈ પણ હોઈ શકે. આ સંજોગોમાં એપલે ભલે 'મર્સીનરી સ્પાયવેર' જેવા ભારેખમ ટેકનિકલ શબ્દો વાપર્યા પણ આખી વાત જાસૂસીની છે એ કહેવાની જરૂર નથી.

આ ચેતવણીએ એક તરફ દુનિયાભરની સરકારોની કાળી બાજુ (ડાર્ક સાઈડ) લોકો સામે ઉઘાડી કરી દીધી છે તો બીજી તરફ 'કોમર્શિયલ સ્પાયવેર'ના અબજો રૂપિયાના ધીકતા તરફ પણ દુનિયાનું ધ્યાન ખેંચાયું છે. 'કોમર્શિયલ સ્પાયવેર'નો વર્લ્ડ વાઈડ બિઝનેસ કેટલો છે તેના ચોક્કસ આંકડા ઉપલબ્ધ નથી પણ એક અંદાજ પ્રમાણે દર વર્ષે ૫૦૦ અબજ ડોલર 'કોમર્શિયલ સ્પાયવેર' પાછળ ખર્ચાય છે. ભારતીય રૂપિયામાં ગણો તો ૪૨ લાખ કરોડ રૂપિયા થયા. ભારત સરકારના વાર્ષિક બજેટ કરતાં લગભગ બમણી રકમ થઈ.

આ રકમ સાંભળીને કોઈની પણ આંખો ફાટી જાય. આ વાત કહેતા ભી દીવાના ઔર સુનતા ભી દીવાના જેવી લાગે પણ સાચી છે. 'મર્સીનરી સ્પાયવેર'નો યુઝ કરનારા ઓછા છે પણ ટર્નઓવર જંગી છે કેમ કે સામાન્ય માણસ ખરીદતો નથી. દુનિયાભરની સરકારો, ઈન્ટેલિજન્સ એજન્સીઓ, લો એન્ફોર્સમેન્ટ એજન્સીઓ, માફિયાઓ અને મોટાં બિઝનેસ હાઉસ એ ખરીદીને હરીફો, વિરોધીઓ કે પોતાના માટે ખતરારૂપ લોકોની જાસૂસી માટે કરે છે.



'કોમર્શિયલ સ્પાયવેર'ના ૫૦૦ અબજ ડોલરના બિઝનેસમાં અમેરિકાનો ફાળો જ ૨૦૦ અબજ ડોલરનો હોવાનું કહેવાય છે. અમેરિકાની જાસૂસી સંસ્થા સીઆઈએ અને મિલિટરી ઈન્ટેલિજન્સ આખી દુનિયામાં જાસૂસની જાળ બિછાવીને બેઠું છે. દુનિયાભરના શાસકો અને મહત્વનાં લોકો પર અમેરિકા 'કોમર્શિયલ સ્પાયવેર'ની મદદથી નજર રાખે છે. ચીન પણ 'કોમર્શિયલ સ્પાયવેર'ના ઉપયોગમાં મોટો ખેલાડી છે.

ચીને તો પોતાનાં 'કોમર્શિયલ સ્પાયવેર' પણ વિકસાવ્યાં છે છતાં દુનિયાની બીજી કંપનીઓનાં સ્પાયવેર ખરીદી પાછળ ૧૦૦ અબજ ડોલરનો ધુમાડો કરી નાંખે છે. રશિયાના વ્લાદિમિર પુતિન પણ 'કોમર્શિયલ સ્પાયવેર' પાછળ વરસે ૫૦ અબજ ડોલરનો ધુમાડો કરી નાંખે છે એવું કહેવાય છે. સાઉદી અરેબિયા સહિતના રાજાશાહી ધરાવતા ને લશ્કરી સરમુખત્યારશાહી ધરાવતા દેશો પણ ધૂમ ખર્ચો કરે છે. 'કોમર્શિયલ સ્પાયવેર' માટે ચૂકવણી કરાય ત્યારે સામાન્ય રીતે ૧૦ લાખ ડોલર, ૨૦ લાખ ડોલર જેવી મામૂલી રકમ સાદાં સર્વેલન્સ સોફ્ટવેરની ખરીદી માટે ચૂકવાયાનું કાગળ પર બતાવાય છે પણ વાસ્તવિક રીતે આ રકમ સો ગણી વધારે હોય છે.

'કોમર્શિયલ સ્પાયવેર'ના બિઝનેસમાંથી કમાણી કરવામાં ઈઝરાયલ સૌથી મોટો ખેલાડી મનાય છે. દુનિયાને કોમર્શિયલ સ્પાયવેરના ખતરા વિશે પહેલી વાર જાણ ૨૦૧૬માં થઈ પણ ઈઝરાયલની કંપનીઓ ૨૦૧૧થી આ ધંધામાં હોવાનું કહેવાય છે. દુનિયામાં 'કોમર્શિયલ સ્પાયવેર'માં સૌથી મોટી મનાતી ૬ કંપનીમાંથી ૫ કંપની ઈઝરાયલની છે તેથી 'કોમર્શિયલ સ્પાયવેર'માં ઈઝરાયલની મોનોપોલી છે એવું કહી શકાય. ઈઝરાયલ જેવો ટચૂકડો દેશ કેમ ધનિક છે તેનું રહસ્ય આ બધી ટેકનોલોજીમાં છે.

ઈઝરાયલનનું એનએસઓ ગ્રુપ 'કોમર્શિયલ સ્પાયવેર'માં ટોપ પર છે કે જેનું પેગાસસ સોફ્ટવેર દુનિયાભરમાં વગોવાયેલું છે. આ સિવાય કેન્ડીરુ, સાયટ્રોક્સ, ડીએસઆઈઆરએફ, વેરિસ્ટન આઈટી અને ક્યુઆડ્રીમ એ બીજી પાંચ કંપની વરસે ૫૦ અબજ ડોલરથી વધારેનું ટર્નઓવર કરતી મોટી કંપનીઓ છે.

એનએસઓ, કેન્ડિરુની સ્થાપના જ ઈઝરાયલમાં થયેલી છે. કેન્ડિરૂનું ડેવિલ્સ ટંગ અને શેરલોક સ્પાયવેર પણ છીંડે ચડેલું છે. સાયટ્રોક્સ ૨૦૧૭માં નોર્થ મેસેડોનિયામાં સ્થપાયેલી પણ ઈઝરાયલ અને હંગેરીમાં તેની સબસિડરી કંપનીઓ છે. સાયટ્રોક્સને પછીથી સાયપ્રસમાં રજિસ્ટર્ડ થયેલી ઈન્ટેલ્લેક્સાએ ખરીદી. ઈન્ટેલ્લેક્સાનો માલિક તાલ ડિલિયન ઈઝરાયલ મિલિટરી ઈન્ટેલિજન્સમાં ૨૪ વર્ષ સુધી ઉચ્ચ હોદ્દા પર હતો. ઓસ્ટ્રિયામાં સ્થપાયેલી ડીએસઆઈઆરએફે સબઝીરો સ્પાયવેર બનાવ્યું જ્યારે ઈઝરાયલ અને સાયપ્રસમાં સ્થપાયેલી ક્યુઆડ્રીમે રેઈન સ્પાયવેર બનાવ્યું છે.

મજાની વાત એ છે કે, સ્પાયવેરનો ગંદો ધંધો ગેરકાયદેસર હોવા છતાં કાયદેસરનો છે. મોટાં બિઝનેસ હાઉસ કે માફિયા સિન્ડિકેટ્સ પણ 'કોમર્શિયલ સ્પાયવેર' વાપરે છે પણ મોટા ભાગના કિસ્સામાં સરકારો અને શાસકો જ ખરીદદાર છે. કોઈ સરકાર જાહેરમાં પોતે 'કોમર્શિયલ સ્પાયવેર' ખરીદ્યું કે બનાવડાવ્યું એવું કબૂલતી નથી પણ પેમેન્ટ પ્રજાના પૈસે ભરાતી સરકારી તિજોરીમાંથી જ થાય છે. મતલબ કે દુનિયાભરના શાસકોના સત્તા છિનવાઈ જવાના ડરની કિંમત બિચારી પ્રજા ચૂકવે છે.

એપલે ૨૦૨૧થી અત્યાર સુધીમાં વારંવાર થ્રેટ નોટિફિકેશન મોકલ્યાં છે. ઘણા યુઝર્સને એક જ વરસમાં સંખ્યાબંધ વાર નોટિફિકેશન મોકલ્યાં હોય એવું પણ બન્યું છે અને અત્યાર સુધીમાં ૧૫૦ દેશોમાં આવાં નોટિફિકેશન મોકલાયાં હોવાનો પણ એપલનો દાવો છે. તેનો મતલબ એ કે, દુનિયાના કમ સે કમ ૧૫૦ દેશોમાં તો 'કોમર્શિયલ સ્પાયવેર'થી જાસૂસી થાય જ છે.

### ઈરાને ઈઝરાયલ ઉપર 170થી વધુ ડ્રોન, 120થી વધુ મિસાઈલ, 30થી વધુ ક્રૂઝ મિસાઈલ છોડી


# ઈરાન V/S ઈઝરાયલ : વૉર છોડો

અંતે ઈરાને ઈઝરાયેલ ઉપર હુમલો કર્યો. આ હુમલાની સાથે દુનિયામાં યુદ્ધનો વધુ એક મોરચો ખુલ્યો છે. સીરિયામાં પોતાના દુતાવાસ પર ઈઝરાયેલના હુમલાનો બદલો લેવા ઈરાને ઈઝરાયેલ પર ૩૦૦થી વધુ મિસાઈલ અને ડ્રોનનો હુમલો કર્યો. ઈરાને આ હુમલાને 'ઓપરેશન ટ્રુ પ્રોમીસ' નામ આપ્યું હતું. આ હુમલા પછી ઈરાનના પ્રમુખ ઈબ્રાહિમ રઈસીએ કહ્યું હતું કે, તેનો બદલો પૂરો થયો છે. ૧૯૭૯માં ઈસ્લામિક ક્રાંતિ પછી ઈઝરાયેલ સાથે દુશ્મનાવટ વધવા છતાં ઈરાને પહેલી વખત ઈઝરાયેલ પર સીધો લશ્કરી હુમલો કર્યો હતો. જોકે, ઈઝરાયેલની એર ડિફેન્સ સિસ્ટમે આ હુમલાને નિષ્ફળ બનાવી દીધો છે. ઈરાનના હુમલા પછી અમેરિકા ખુલીને ઈઝરાયેલના સમર્થનમાં આગળ આવ્યું છે. અમેરિકન સંરક્ષણ મંત્રીએ ઈઝરાયેલના સમકક્ષ યોવ ગૈલન્ટ સાથે વાત કરી હતી અને આ મુશ્કેલ સમયમાં ઈઝરાયેલ પ્રત્યે અમેરિકાના સમર્થનની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ કહ્યું કે, અમે ડિફેન્સ સિસ્ટમને કામ પર લગાવી દીધી છે. અમે કોઈપણ સ્થિતિના સામના માટે તૈયાર છીએ. નેતન્યાહુએ અમેરિકન પ્રમુખ બાઈડેન સાથે ફોન પર વાત કરી હતી. બંને નેતાઓએ વર્તમાન સ્થિતિ અંગે ચર્ચા કરી હતી.

ઈઝરાયેલથી મળતી માહિતી પ્રમાણે અમેરિકાએ ઈઝરાયેલને આ હુમલાનો તાત્કાલિક પ્રતિસાદ આપતા અટકાવ્યું છે. બાઈડેને કહ્યું છે કે અમેરિકા ઈઝરાયેલની સુરક્ષા પ્રત્યે કટિબદ્ધ છે, પરંતુ તે સ્થિતિને વધુ ઉશ્કેરવાની તરફેણ નહીં કરે. તો બીજી તરફ અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈઝરાયલ સામે ઈરાનની જવાબી કાર્યવાહીને વખોડી કાઢી અને કહ્યુ કે, 'હું અમેરિકાનો રાષ્ટ્રપતિ હોત તો ઈઝરાયલ પર હુમલો ના થાત. ઈઝરાયલ પર થઈ રહેલું આક્રમણ રોકવાની જરુર હતી.' ટ્રમ્પે ઈઝરાયલનું સમર્થન કરતા સંદેશામાં અમેરિકન પ્રમુખ જો બાઈડનની આકરી ટીકા કરી હતી. ટ્રમ્પે કહ્યું હતું કે, 'ઈરાનના હુમલા પર બાઈડને કરેલું રાષ્ટ્રજોગ સંબોધન પહેલેથી જ રેકોર્ડ હતું. અત્યારે રેકોર્ડ કરાયેલા ભાષણો સાંભળવાનો સમય નથી.




ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા તણાવના કારણે તેની અસર ભારત ઉપર પણ જોવા મળશે. ઈરાનમાં લગભગ 10 હજાર ભારતીય નાગરિકો રહે છે, જ્યારે ઈઝરાયલમાં ભારતીયોની સંખ્યા 18 હજારની આસપાસ છે. પરંતુ જો અહીં યુદ્ધની સ્થિતિ સર્જાય તો ભારત માટે મુશ્કેલી ઊભી થઈ શકે છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં ભારત અને ઈરાન ધ્યાન ચાબહાર બંદરના વિકાસ પર છે, જે પાકિસ્તાનના ગ્વાદર બંદરથી માત્ર 200 કિમી દૂર છે. યુદ્ધની સ્થિતિમાં ભારત માટે ચાબહાર બંદરનું સંચાલન કરવું મુશ્કેલ બનશે. આ ઉપરાંત ઈન્ટરનેશનલ નોર્થ સાઉથ ટ્રાન્સપોર્ટ કોરિડોર ફરી એકવાર ચર્ચામાં છે.



## Gadgets ગુરૂ

### Realme P સિરીઝ 15,999 ની શરૂઆતી કિંમતે લોન્ચ

ચીની ટેક કંપની Realme એ મિડ-રેન્જ સ્માર્ટફોન સેગમેન્ટમાં 'Realme P' સિરીઝ લોન્ચ કરી છે. કંપનીએ આ સિરીઝમાં બે સ્માર્ટફોન લોન્ચ કર્યા છે - 'Realme P1 5G' અને 'Realme P1 Pro' માત્ર ભારતીય ગ્રાહકો માટે. Realme P1 Proમાં Snapdragon 6 Gen 1 પ્રોસેસર, 50MP Sony LYT OIS કેમેરા અને 6.7 ઈંચની ફુલ HD કર્વ્ડ ડિસ્પ્લે છે.

- 120 Hz રિફ્રેશ રેટ
- 6.67 ઈંચની AMOLED ડિસ્પ્લે
- રેઈન વોટર ટચ
- 50MP કેમેરા છે
- 16 MP કેમેરા
- Android 14 ઓપરેટિંગ સિસ્ટમ
- MediaTek Dimension 7050 પ્રોસેસર
- 45W ચાર્જિંગ સપોર્ટ

# અમેરિકામાં હિન્દુ ખતરામાં, હિન્દુફોબિયા સામે કોંગ્રેસમાં ઠરાવ પસાર કરવામાં આવ્યો

## અવારનવાર હિંદુ મંદિરો, વિદ્યાર્થીઓ અને ભારતીયો પર હુમલાની ઘટનામાં સતત વધારો, વાલીઓમાં ભારે ચિંતા

### શાળા-કૉલેજોમાં બુલિંગ, મંદિરો અને હિન્દુઓ પર હુમલાની સંખ્યા વધી

■ વૉશિંગ્ટન

અમેરિકાની સંસદના નીચલા ગૃહ હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સ (પ્રતિનિધિ સભા)માં 'હિન્દુ ફોબિયા' એટલે કે હિન્દુ ધર્મ પ્રત્યે પૂર્વગ્રહ, હિન્દુવિરોધી કટ્ટરતા અને હેટ ક્રાઈમની ટીકા કરતો પ્રસ્તાવ રજૂ કરાયો છે. હિન્દુ બાળકો સાથે શાળા-કૉલેજોમાં બુલિંગ, ભેદભાવ, હેટ સ્પીચ અને પૂર્વગ્રહથી પ્રેરિત ગુના વધી રહ્યા છે. કોંગ્રેસના સભ્ય શ્રી થાનેદાર વતીથી લવાયેલા પ્રસ્તાવમાં કહેવાયું છે કે એફબીઆઈના અહેવાલ પ્રમાણે ભારતીયો વિરુદ્ધ હેટ ક્રાઈમ વધ્યો છે અને તે અમેરિકન સમાજ માટે બહુ મોટાં જોખમનો સંકેત છે.

**પ્રસ્તાવમાં શું ઉલ્લેખ કરાયો** પ્રસ્તાવમાં કહેવાયું છે કે એફબીઆઈના હેટ ક્રાઈમ સ્ટેટેસ્ટિક રિપોર્ટ પ્રમાણે મંદિરો અને વ્યક્તિઓને નિશાન બનાવનારા હિન્દુવિરોધી હેટ ક્રાઈમમાં દર વર્ષે વધારો થઈ રહ્યો છે. એટલું જ નહીં, દુર્ભાગ્યવશ અમેરિકન સમાજમાં હિન્દુ ફોબિયા વધી રહ્યો છે. અહેવાલ પ્રમાણે અમેરિકાએ 1900 પછીથી વિશ્વના તમામ ભાગોમાંથી 40 લાખથી વધુ હિન્દુઓનું સ્વાગત કર્યું છે, તેમાં વિવિધ જાતિ, ભાષા અને વંશીય પાર્શ્વભૂમિ ધરાવતા હિન્દુઓનો સમાવેશ થાય છે. પ્રસ્તાવ પ્રમાણે અમેરિકાની અર્થવ્યવસ્થાનાં પ્રત્યેક પાસાં અને પ્રત્યેક ઉદ્યોગમાં હિન્દુ-અમેરિકનોના યોગદાનથી દેશને ઘણો લાભ થયો છે. ફાઉન્ડેશન ફોર ઈન્ડિયા એન્ડ ઈન્ડિયન ડાયસ્પોરા સ્ટડીઝની નીતિ અને રણનીતિના પ્રમુખ ખાંડેરાવ કાંડે કહ્યું હતું કે શ્રદ્ધાળુઓને ડરાવવા માટે મંદિરોમાં ચોરીની સાથેસાથે તોડફોડની ઘટનાઓમાં વધારો થયો છે.




**ચર્ચા પછી સેનેટને મોકલવામાં આવશે.** પ્રતિનિધિ સભાની ઓવરસાઈટ અને એકાઉન્ટેબિલિટી કમિટીને પ્રસ્તાવ મોકલવામાં આવ્યો છે. તેના પર ચર્ચા કર્યા પછી સેનેટમાં મોકલવામાં આવશે. સેનેટમાં પાસ થયા પછી કાયદો ઘડવા માટે મતદાન થશે.

**ન્યૂયોર્કમાં 6 મંદિર પર વાંધાજનક સૂત્રોચ્ચાર** નવેમ્બર, 2023થી જાન્યુઆરી 2024 વચ્ચે કેલિફોર્નિયા અને ન્યૂયોર્કમાં 6 મંદિરો પર વાંધાજનક સૂત્રો લખાયાં હતાં. જ્યોર્જિયામાં 'હિન્દુ ફોબિયા'ની ટીકા કરનારો એક પ્રસ્તાવ ગત વર્ષે પસાર થઈ ગયો છે.

### જ્યોર્જિયાની સંસદે એપ્રિલ 2024ની શરૂઆતમાં હિન્દુફોબિયાની ટીકા કરતો પ્રસ્તાવ રજૂ કર્યો

અમેરિકાની જ્યોર્જિયા સંસદે એપ્રિલની શરૂઆતમાં જ 'હિન્દુ ફોબિયા'ની ટીકા કરતો એક પ્રસ્તાવ પસાર કર્યો હતો. આ પ્રકારનો કાયદાકીય ઉપાય કરનારું અમેરિકાનું પ્રથમ રાજ્ય બન્યું હતું. હિન્દુ ફોબિયા અને હિન્દુવિરોધી કટ્ટરતાની ટીકા કરતા પ્રસ્તાવમાં કહેવાયું હતું કે 'હિન્દુ ધર્મ વિશ્વનો સૌથી મોટો અને સૌથી પ્રાચીન ધર્મ છે' અને વિશ્વના 100થી વધુ દેશોમાં 1.2 અબજ લોકો આ ધર્મ માને છે. એટલાન્ટાની ફોરસાઈથ કાઉન્ટીના લોકપ્રતિનિધિ લૉરેન મૅક્ડોનાલ્ડ અને ટોડ જોન્સે રજૂ કરેલા પ્રસ્તાવમાં કહેવાયું હતું કે આ ધર્મ સ્વીકાર, સન્માન અને શાંતિનાં મૂલ્યો સાથે વિવિધ પરંપરાઓ અને આસ્થા પ્રણાલીઓને સાંકળે છે. એટલાન્ટામાં મોટી સંખ્યામાં હિન્દુ અને ભારતીય-અમેરિકનો વસે છે. અમેરિકન-હિન્દુ સમાજનું ચિકિત્સા, વિજ્ઞાન અને ઈજનેર જેવાં વિવિધ ક્ષેત્રોમાં મહત્ત્વનું યોગદાન છે.

## NEWS FILE

### અમેરિકામાં મેયરને હત્યાની ધમકી આપનાર ગુજરાતી યુવતીની ધરપકડ કરાઈ



કેલિફોર્નિયાઃ અમેરિકાના કેલિફોર્નિયામાં રહેતી મૂળ ગુજરાતની યુવતી રિદ્ધિ પટેલની પેલેસ્ટાઈનની તરફેણ કરવાની સાથે ઈઝરાયલનો વિરોધ કરી કેલિફોર્નિયાના બેકર્સફિલ્ડ શહેરના મેયર સહિતના લોકોને ધમકી આપવાના આરોપમાં ધરપકડ કરાઈ છે. અમેરિકન મીડિયાના રિપોર્ટ્સ અનુસાર રિદ્ધિને શુક્રવારે કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવી હતી જ્યાં તેણે પોતાના પર લાગેલા આરોપ સ્વીકારવાનો ઈનકાર કરી દીધો હતો. રિદ્ધિ પટેલે બેકર્સફિલ્ડના મેયર તેમજ સિટી કાઉન્સિલ મેમ્બર્સની હાજરીમાં યુદ્ધવિરામનો ઠરાવ પસાર કરવા યોજાયેલી એક સુનવણીમાં રિદ્ધિ પટેલે ન માત્ર પેલેસ્ટાઈનની તરફેણ કરી હતી, પરંતુ ઈઝરાયલને ટેકો આપનારા લોકો વિરૂદ્ધ આકરા વેણ પણ ઉચ્ચાર્યા હતા.કાઉન્સિલની સુનાવણી દરમિયાન રિદ્ધિએ કહ્યું, તમે બધા ખૂબ જ નિર્દયી લોકો છો.

### ડોનાલ્ડ ટ્રમ્પની ફાંકેબાજી, અમેરિકાનો રાષ્ટ્રપતિ હોત તો ઈઝરાયલ પર હુમલો ના થાત


વોશિંગ્ટનઃ અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈઝરાયલ સામે ઈરાનની જવાબી કાર્યવાહીને વખોડી કાઢી છે. સોશિયલ મીડિયામાં ટ્રમ્પે કહ્યું છે કે, 'હું અમેરિકાનો રાષ્ટ્રપતિ હોત તો ઈઝરાયલ પર હુમલો ના થાત. ઈઝરાયલ પર થઈ રહેલું આક્રમણ રોકવાની જરુર હતી.' ટ્રમ્પે ઈઝરાયલનું સમર્થન કરતા સંદેશામાં અમેરિકન પ્રમુખ જો બાઈડનની આકરી ટીકા કરી હતી. ટ્રમ્પે કહ્યું હતું કે, 'ઈરાનના હુમલા પર બાઈડને કરેલું રાષ્ટ્રજોગ સંબોધન પહેલેથી જ રેકોર્ડ હતું. અત્યારે રેકોર્ડ કરાયેલા ભાષણો સાંભળવાનો સમય નથી. કદાચ હવે બાઈડનના સલાહકારો તેમને અગાઉથી રેકોર્ડ કરીને રાખેલા ભાષણોનુ પ્રસારણ નહીં કરવા માટે સમજાવશે. કાલથી બાઈડન કદાચ લાઈવ સંબોધન કરશે. અમેરિકા ઈઝરાયલનું સમર્થન કરે છે અને હું ઈચ્છુ છું કે, 'ઈશ્વર ઈઝરાયલના લોકોને આશીર્વાદ આપે કારણકે અત્યારે તેમના પર હુમલો થઈ રહ્યો છે.

# અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલાં ગરમાગરમી વધી

## 50 લાખ હિન્દુ મતદારોને રીઝવવા ટ્રમ્પ-બાઈડેનના ધમપછાડા

■ વૉશિંગ્ટન

પૂર્વ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તેમની 2024ની રાષ્ટ્રપતિની ચૂંટણીના અભિયાનમાં ભારતીયો તેમાં ખાસ કરીને હિન્દુ અમેરિકનો પર વધુ ફોકસ કરી રહ્યા છે. જેનાથી મતદાતાઓના એક મોટા વર્ગનું તેમને સમર્થન મળી શકે. ભારતીય અમેરિકનોને લઈને રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મોટું રણનીતિક પરિવર્તન જોવા મળી શકે છે. ત્યારે, અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેન પણ તેમના વિઝન ડોક્યુમેન્ટમાં 'હિન્દુ પેજ'ને સામેલ કરી રહ્યા છે. ટ્રમ્પના હિન્દુ અને ભારતીય-અમેરિકી અભિયાનના અધ્યક્ષ અને શિકાગોના વ્યવસાયી શલભકુમારે કહ્યું કે અમે હિન્દુ અમેરિકનોના મોટા સમાજ માટે અમારી અપીલને વ્યાપક બનાવી રહ્યા છીએ. શલભનું કહેવું છે કે અમેરિકામાં 50 લાખથી વધુ હિન્દુ છે, કેરેબિયન દેશો, દક્ષિણ આફ્રિકા, નેપાળ અને બાંગ્લાદેશમાંથી અમેરિકા પહોંચ્યા છે.



# અવકાશી હુમલા નિષ્ફળ જશે, અમેરિકન આર્મી તેનો સામનો કરશે

### પૃથ્વીની ભ્રમણકક્ષામાં લશ્કરી કવાયત થશે, ઈતિહાસ રચાશે

■ ન્યૂયોર્ક

જે રીતે વિશ્વ યુદ્ધનો ખતરો તોળાઈ રહ્યો છે. અમેરિકા જેવો મોટો દેશ વધુ અસુરક્ષિત બની રહ્યો છે. આટલું જ નહીં નવી ટેક્નોલોજી હવે અવકાશમાં ખતરો અને અસુરક્ષા પેદા કરી રહી છે. આને ધ્યાનમાં રાખીને અમેરિકાની સૈન્ય શાખા વર્ગખંડમાં યુદ્ધ અભ્યાસનું આયોજન કરવા જઈ રહી છે. સ્પેસ સિસ્ટમ કમાન્ડ (એસએસસી) આ પ્રકારની પ્રથમ ઈવેન્ટનું આયોજન કરીને ઈતિહાસ રચશે. તેનો હેતુ અમેરિકન સૈન્યને પૃથ્વીની બહાર સંભવિત સંઘર્ષો માટે તૈયાર કરવાનો છે. એસએસસીએ 11 એપ્રિલ, ગુરુવારે આ સંબંધમાં એક જાહેરાત કરી છે. આ મુજબ, સ્પેસ ફોર્સે તેના મિશન કોડનેમ 'વિક્ટસ હેજ' માટે બે ખાનગી સ્પેસ કંપનીઓ સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા છે, જે 2025 ના પતન પહેલા પૂર્ણ થવાની અપેક્ષા છે. કમાન્ડે મિશન 'વિક્ટસ હેજ' મિશન માટે રોકેટ લેબ નેશનલ સિક્યુરિટી અને ટ્રુ અનોમલી સાથે કરાર કર્યો છે, જે કેન્દ્રોને નિયંત્રિત કરી શકે તેવા અવકાશ વાહનો પ્રદાન કરશે.

### નેશનલ સિક્યુરિટીને 2.67 કરોડ રૂપિયાનો કોન્ટ્રાક્ટ




આ અવકાશ વાહનો ટ્રુ અનોમલીનું 'ધ જેકલ' અને રોકેટ લેબનું અનામી વાહન હશે. આ વાસ્તવિક ઓપરેશનલ વાતાવરણમાં અવકાશમાં બેજવાબદાર વર્તનને પ્રતિસાદ આપવાની યુએસ સ્પેસ ફોર્સની ક્ષમતાને દર્શાવશે. સ્પેસ ફોર્સના એક નિવેદન અનુસાર, ડિફેન્સ ઈનોવેશન યુનિટ (DIU) એ રોકેટ લેબ નેશનલ સિક્યુરિટીને 2.67 કરોડ રૂપિયાનો કોન્ટ્રાક્ટ આપ્યો છે. તે જણાવે છે કે SpaceWERX True Anomaly ને કોન્ટ્રાક્ટ આપશે. જ્યારે અભયન માટે, કુલ રૂ. 5 બિલિયનની જરૂર પડશે, જેમાંથી અડધી રકમ યુએસ સરકાર અને બાકીની અડધી ટ્રુ અનોમલી દ્વારા ઉઠાવવામાં આવશે.

## ટ્વિટરના સીઈઓ એલન મસ્કની મોટી આગાહી...

# 2032માં USની રાષ્ટ્રપતિની ચૂંટણી કોણ જીતશે, કોની વચ્ચે થશે મુકાબલો!

■ કેલિફોર્નિયા

ટેક્નોલોજી અને સાયન્સ ફેન્ટસી પ્રત્યેના પોતાના જુસ્સા માટે પ્રખ્યાત ઉદ્યોગપતિ એલન મસ્કે 2032માં યોજાનારી યુએસ પ્રમુખપદની ચૂંટણી માટે વિચારો આપ્યા છે. મંગળ પર પગ મૂકવાના સપનાને સાકાર કરવાનો પ્રયાસ કરી રહેલા કરોડપતિ મસ્ક એક સાથે અનેક ટેક્નોલોજીના વિકાસ અને વ્યવસાય સાથે સંકળાયેલા છે. હાલમાં જ તે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માટે ચર્ચામાં છે. હવે તેમનું કહેવું છે કે 2032માં યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણી રોબોટ્સ જીતશે. SpaceX, Tesla અને X કંપનીઓના માલિક માને છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અથવા AI એક દાયકાની અંદર દુનિયા પર રાજ કરશે. તેમણે જણાવ્યું હતું કે વ્હાઈટ હાઉસ માટે મતદારોની પસંદગી "આકાર-શિફ્ટિંગ ટ્રાન્સફોર્મર અથવા "ચેટજીપીટી સંચાલિત પ્રસરણ બૉટ" વચ્ચેની હોઈ શકે છે.

## AI 1 વર્ષમાં માણસો કરતાં વધુ સ્માર્ટ બની જશેઃ એલન મસ્ક

52 વર્ષીય મસ્કએ ચેતવણી આપી છે કે AI એક વર્ષમાં માણસો કરતાં વધુ સ્માર્ટ બની શકે છે. તેણે લોસ એન્જલસમાં 10મા વાર્ષિક બ્રેકથ્રુ એવોર્ડ સમારોહમાં આ આગાહી કરી હતી. આ પુરસ્કારોને વિજ્ઞાનના ઓસ્કાર પણ કહેવામાં આવે છે. સમારોહમાં તેમને પૂછવામાં આવ્યું કે તેઓ વિચારે છે કે આગામી રાષ્ટ્રપતિ કોણ હશે. તેમણે હસીને જવાબ આપ્યો, "તમને લાગે છે કે 2032માં વ્હાઈટ હાઉસ કોણ જીતશે?" કયા પ્રકારનું AI? ટ્રાન્સફોર્મર કે ડિફ્યુઝન?" જ્યારે તેણે પ્રથમ વખત એક્સ-પોલમાં પ્રશ્ન ઉઠાવ્યો, ટ્રાન્સફોર્મર્સ એ 1984માં જાપાનીઝ કંપની ટાકારા ટોમી દ્વારા શોધાયેલ રોબોટિક રમકડાં છે, જે વાહનો અને પ્રાણીઓ જેવા અન્ય સ્વરૂપોમાં પરિવર્તિત થઈ શકે છે.

### આગામી તમામ ચૂંટણી એઆઈ પર આધારિત હશે, મતદાન સરળ બનશે

યુ.એસ.ની ચૂંટણીઓ વિશે વાત કરતા, એક નિષ્ણાતે દાવો કર્યો છે કે "ઈનબ્રીડિંગ" AI ટેક્નોલોજી આ વર્ષની યુએસ ચૂંટણીમાં "પાયમાલ" કરી શકે છે. જ્યારે તે પ્રથમ વખત રજૂ કરવામાં આવ્યું હતું, ત્યારે સામગ્રી નિર્માતાઓનો સમય બચાવવા માટે માનવો દ્વારા બનાવવામાં આવેલ વિઝ્યુઅલ, ઑડિયો અને ટેક્સ્ટની વિશાળ માત્રા પર AI સિસ્ટમ્સને વ્યાપકપણે તાલીમ આપવામાં આવી હતી. હવે, AI-જનરેટેડ કન્ટેન્ટની તીવ્ર માત્રાને કારણે જે ઈન્ટરનેટ પર છલકાઈ રહી છે - બ્લોગ પોસ્ટ્સથી લઈને આર્ટવર્ક સુધી - કેટલાક AI ટૂલ્સ મૂળને બદલે અન્ય કૃત્રિમ રીતે જનરેટ કરેલી સામગ્રીમાંથી ખેંચી રહ્યા છે અને મતદાન પણ તેનો અપવાદ નથી.



# ટેસ્લા અમેરિકા અને ચીનમાં સામૂહિક છટણી કરશે...

કેલિફોર્નિયાઃ ટેસ્લા તેની વૈશ્વિક છટણી ઝુંબેશના ભાગરૂપે અમેરિકા અને ચીનમાં સ્ટાફ પણ ઘટાડી શકે છે . આ બે દેશો આ ઈલેક્ટ્રિક ઓટો કંપનીના બે સૌથી મોટા બજાર છે. આ છટણી વેચાણ, ટેક અને એન્જિનિયરિંગ સેગમેન્ટમાં થઈ શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, કંપનીના સીઈઓ એલોન મસ્કએ એક આંતરિક મેમોમાં જણાવ્યું હતું કે કંપની તેના વૈશ્વિક કર્મચારીઓના 10 ટકાથી વધુની છટણી કરી રહી છે. કંપની વેચાણમાં ઘટાડો અને કિંમતોને લઈને જબરદસ્ત સ્પર્ધાનો સામનો કરી રહી છે, જેના કારણે કંપનીએ આ પગલું ભર્યું છે. એક સૂત્રએ જણાવ્યું કે અમેરિકામાં સ્થિત કંપનીના ઘણા સર્વિસ સેન્ટરોમાં મોટા પાયે છટણી થઈ રહી છે. તેમાં મુખ્યત્વે સેલ્સ સ્ટાફ અને ટેકનિશિયનનો સમાવેશ થાય છે. અન્ય સ્થાને ઘરના આગળના તમામ કર્મચારીઓને છૂટા કરવામાં આવ્યા છે. કેલિફોર્નિયામાં ટેસ્લા ખાતે એક પ્રોગ્રામ મેનેજર લિંક્ડઈન પર એક સ્પ્રેડશીટ શેર કરી છે જેમાં 140 થી વધુ કર્મચારીઓની યાદી છે જેમને છૂટા કરવામાં આવ્યા છે અને જેઓ નવી નોકરી શોધી રહ્યા છે. આમાંના મોટાભાગના સ્ટાફ એન્જિનિયરો છે.

# 'ઘૂસીને મારીશુ...' PM મોદીના નિવેદન પર અમેરિકાએ શું કહ્યું?

### ભારત અને પાકિસ્તાનને શાંતિની અપીલ કરાઈ

■ ન્યૂયોર્ક



આતંકવાદીઓને મારવા માટે સરહદ પાર કરવાને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રક્ષા મંત્રી રાજનાથ સિંહના કથિત નિવેદનો પર પણ અમેરિકાનું નિવેદન આવ્યું છે. પ્રમુખ જો બિડેનના વહીવટીતંત્રે જણાવ્યું હતું કે યુએસ આ મુદ્દામાં હસ્તક્ષેપ કરશે નહીં, જોકે તેણે 'ભારત અને પાકિસ્તાનને તણાવ વધતા ટાળવા અને વાતચીત દ્વારા ઉકેલ શોધવા' વિનંતી કરી હતી, યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા મેથ્યુ મિલરે મંગળવારે પત્રકારો સાથે વાત કરતા આ વાત કહી. તેમને આતંકવાદીઓને ખતમ કરવા માટે અન્ય દેશોમાં ભારતની કથિત કામગીરી અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. કેનેડામાં (ખાલિસ્તાની અલગતાવાદી હરદીપ સિંહ) નિજ્જરની કથિત હત્યા, ન્યૂયોર્કમાં પન્નુ (ઘોષિત આતંકવાદી ગુરપતવંત સિંહ) અને પાકિસ્તાનમાં થયેલી હત્યાના સંદર્ભમાં મોદી અને સિંહની ટિપ્પણીઓને 'કબૂલાત' માનવામાં આવે છે જોઈ શકાય છે, મિલરે કહ્યું કે અમેરિકા આ મુદ્દામાં સામેલ નહીં થાય.

# ઈઝરાયેલ પર હુમલા બાદ અમેરિકાનું નવું પગલું, ઈરાનની કમર તોડી નાખશે, મોટું નુકસાન થશે

### સંરક્ષણ મંત્રાલયને સમર્થન આપતી સંસ્થાઓ પર પ્રતિબંધ

■ વોશિંગ્ટન



ઈરાન દ્વારા ઈઝરાયેલ પર હુમલા બાદ ઈઝરાયેલે પણ જવાબી કાર્યવાહી કરવાની વાત કહી છે. ઈઝરાયેલ તરફથી સૈન્ય કાર્યવાહી થશે કે અન્ય વિકલ્પો શોધવામાં આવશે તે તો સમય સાથે જ ખબર પડશે, પરંતુ આ દરમિયાન અમેરિકાએ મોટા અને કડક પગલાં લેવાની વાત કરી છે. અમેરિકાએ કહ્યું છે કે તે ઈરાનના મિસાઈલ અને ડ્રોન કાર્યક્રમો પર પ્રતિબંધ લગાવશે. આ સિવાય ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ અને ઈરાનના સંરક્ષણ મંત્રાલયને સમર્થન આપતી સંસ્થાઓ પર પણ આગામી દિવસોમાં નવા પ્રતિબંધો લાદવામાં આવશે. અમેરિકી રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવાને કહ્યું છે કે ઈરાન દ્વારા ઈઝરાયેલ સામેના હુમલા બાદ રાષ્ટ્રપતિ જો બાઈડેન G7 સહિતના સહયોગીઓ અને ભાગીદારો સાથે સંકલન કરી રહ્યા છે. તેમણે કહ્યું કે આગામી દિવસોમાં અમેરિકા ઈરાન પર ઘણા પ્રકારના પ્રતિબંધો લગાવશે. જેકે અપીલ કરી અને કહ્યું કે અમેરિકા પણ તેના સહયોગી અને ભાગીદારો પાસેથી ઈરાન સામે પ્રતિબંધો લાદવાની અપેક્ષા રાખે છે. હવાઈ અને મિસાઈલ સંરક્ષણના સફળ એકીકરણને વધુ મજબૂત અને વિસ્તૃત કરવા માટે ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સ અને યુએસ સેન્ટ્રલ કમાન્ડ દ્વારા કામ કરી રહ્યા છીએ. અમે આમ કરવાનું ચાલુ રાખીશું, જે અમને સમગ્ર મધ્ય પૂર્વમાં ઈરાનની મિસાઈલ અને UAV ક્ષમતાઓની અસરકારકતામાં વધુ ઘટાડો કરવાની મંજૂરી આપશે. તેમણે કહ્યું કે નવા પ્રતિબંધો અને અન્ય પગલાંનો હેતુ ઈરાનની સૈન્ય ક્ષમતા અને અસરકારકતાને સમાવવા અને ઘટાડવાનો છે.

# અમેરિકન સાંસદ શ્રી થાનેદારની હિંદુઓને મોટી ચેતવણી

### અમેરિકામાં હિન્દુઓને ટાર્ગેટ કરવાની હજુ તો શરૂઆત થઈ

■ વોશિંગ્ટન


અમેરિકામાં હિન્દુઓ સામે વધી રહેલી નફરત સામે લડત શરૂ કરનારા ભારતીય મૂળના અમેરિકન સાંસદ શ્રી થાનેદારે ફરી હિન્દુ સમુદાયને ચેતવણી આપી છે. એક પત્રકાર પરિષદમાં થાનેદારે કહ્યું હતું કે, 'અમેરિકામાં હિન્દુઓ પર હુમલાની હજુ તો શરુઆત જ થઈ છે. હું આગામી દિવસોમાં ઈસ્લામોફોબિયાની જેમ હિન્દુફોબિયામાં વધારો થશે તેવું જોઈ રહ્યો છું. હિન્દુઓ વિરુદ્ધ સોશિયલ મીડિયા પર યોજનાબદ્ધ રીતે દુષ્પ્રચાર થઈ રહ્યો છે. અમેરિકામાં અત્યાર સુધી હિન્દુ મંદિરો પર થયેલા હુમલામાં જવાબદાર લોકો સામે કોઈ કાર્યવાહી થઈ નથી. તેમની ધરપકડ પણ નથી થઈ. છેલ્લા કેટલાક સમયથી આ પ્રકારની ઘટનામાં વધારો જોવા મળ્યો છે. મને લાગે છે કે, હિન્દુ સમુદાય સામેના ષડયંત્રની હજી તો શરુઆત થઈ છે. હવે અમેરિકામાં રહેતા હિન્દુ સમુદાયે એક થવાનો સમય આવી ગયો છે. હું પણ તેમની સાથે છું.'

## અમેરિકામાં હિંદુઓ પર સતત વધી રહી છે હુમલાની ઘટના



હિન્દુત્વ અંગે વાત કરતા થાનેદારે કહ્યું હતું કે, 'હું પોતે હિન્દુ ધર્મમાં આસ્થા ધરાવું છું. હિન્દુ પરિવારમાં મારો ઉછેર થયો હોવાથી મને ખબર છે કે હિન્દુ ધર્મ શું છે. હિન્દુ ધર્મ બહુ જ શાંતિપ્રિય છે. આ ધર્મમાં માનનારાએ ક્યારેય બીજા સમુદાય પર ધર્મના નામે હુમલા કર્યા નથી.' ઉલ્લેખનીય છે કે, થાનેદાર તેમજ ભારતીય મૂળના બીજા ચાર સાંસદોએ હિન્દુ મંદિરો અને ધાર્મિક સ્થળોને ટાર્ગેટ બનાવવાની વધતી જતી ઘટનાઓ અંગે અમેરિકાના કાયદા વિભાગને પત્ર લખીને તપાસ કરવા માટે અપીલ કરી હતી. આ સાથે તેમણે સંસદમાં પણ આ મુદ્દો ઉઠાવ્યો હતો.

## આણંદ લોકસભા બેઠકનો જંગ



### સરદાર પટેલનાં પુત્રી એક વખત આણંદથી જીત્યા, બેઠક પર અંદાજિત 50 ટકા ક્ષત્રિય મતદારો નિર્ણાયક

# 2019માં ભરતસિંહને હરાવી મિતેશ પટેલ જાયન્ટ કિલર બન્યા, 2024માં શું?

■ આણંદ

છેલ્લી બે ટર્મથી જ્યાંથી ભાજપના ઉમેદવાર સાંસદ તરીકે ચૂંટાય છે એ આણંદ લોકસભા સીટ એટલે આમ તો કોંગ્રેસનો ગઢ કહી શકાય. વર્ષ 1991થી 2019 સુધીમાં યોજાયેલી કુલ 8 ચૂંટણીમાંથી 5 વખત કોંગ્રેસ તો 3 વખત ભાજપની જીત થઈ છે. આણંદ લોકસભા સીટ માટે ભાજપે સિટિંગ સાંસદ મિતેશ પટેલને ફરી ટિકિટ આપી છે. કોંગ્રેસના કદાવર નેતા ભરતસિંહ સોલંકીને 2019માં હરાવીને મિતેશ પટેલ સાંસદ બન્યા હતા. બીજી તરફ, કોંગ્રેસે પૂર્વ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાને મેદાને ઉતાર્યા છે. 2004માં બોરસદ વિધાનસભા બેઠક પર યોજાયેલી પેટાચૂંટણીમાં તેઓ પહેલીવાર ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા.

સરદાર પટેલનાં પુત્રી મણિબેન પટેલ વર્ષ 1957માં કોંગ્રેસની ટિકિટ પરથી આ બેઠક પરથી સાંસદ તરીકે ચૂંટાયાં હતાં. તેમણે અપક્ષ ઉમેદવાર દાદુભાઈ અમીનને 37,429 મતથી હરાવ્યા હતા. 1951માં આણંદ લોકસભા બેઠક અસ્તિત્વમાં નહોતી. એ સમયે આણંદનો વિસ્તાર ખેડા સાઉથ નામની લોકસભા બેઠકમાં આવતો હતો.

### 1989માં ભાજપની પહેલી જીત

આણંદ લોકસભા બેઠક પર વર્ષ 1989માં ભાજપની પહેલી જીત થઈ. એના પછી 1991થી સતત 1998 સુધી કોંગ્રેસની જીત થતી રહી. 1999માં ભાજપના દીપક પટેલ સાંસદ તરીકે ચૂંટાયા. એ પછી 2004 અને 2009માં સતત 2 વખત કોંગ્રેસના દિગ્ગજ નેતા ભરતસિંહ સોલંકી સાંસદ બન્યા. છેલ્લી બે ટર્મથી, એટલે કે 2014 અને 2019થી આ બેઠક પર ભાજપની જીત થઈ રહી છે.





**કોંગ્રેસના બેમાંથી એક ધારાસભ્યે રાજીનામું આપ્યું** આણંદ લોકસભા બેઠકમાં ખંભાત, બોરસદ, આંકલાવ, ઉમરેઠ, આણંદ, પેટલાદ, સોજિત્રા એમ કુલ 7 વિધાનસભા બેઠક આવે છે, જેમાંથી બોરસદ, ઉમરેઠ, આણંદ, પેટલાદ, સોજિત્રા ભાજપ પાસે છે, જ્યારે આંકલાવમાં કોંગ્રેસના ધારાસભ્ય ચૂંટાયા છે. 2022માં ખંભાત બેઠક પણ કોંગ્રેસના ફાળે ગઈ હતી, પરંતુ તેના ધારાસભ્ય ચિરાગ પટેલ રાજીનામું આપી ભાજપમાં જોડાઈ જતાં હવે આ બેઠક પર પેટાચૂંટણી યોજાશે. પેટાચૂંટણી માટે ભાજપે ચિરાગ પટેલને ઉમેદવાર બનાવ્યા છે.


### વિધાનસભામાં કોંગ્રેસ અને AAP કરતાં ભાજપને 97 હજાર મત વધુ મળ્યા

આણંદ લોકસભા બેઠકની તમામ 7 વિધાનસભા બેઠક પર 2022માં થયેલા મતદાનની પેટર્ન જોઈએ તો ભાજપને કુલ 6.19 લાખ મત મળ્યા હતા, જ્યારે કોંગ્રેસને કુલ 4.99 લાખ અને આમ આદમી પાર્ટીને 23,195 મત મળ્યા હતા. કોંગ્રેસ અને AAPને મળેલા કુલ મતનો સરવાળો 5.22 લાખ થાય છે, જે ભાજપને મળેલા કુલ મત કરતાં 97,343 મત ઓછા છે.

આણંદ લોકસભા બેઠક પર જ્ઞાતિ સમીકરણની વાત કરીએ તો સૌથી વધુ સંખ્યા ક્ષત્રિય મતદારોની છે. જ્યારે પાટીદાર મતદારો અંદાજે 4.24 લાખ, લઘુમતી મતદારો અંદાજે 3.71 લાખ તેમજ અન્ય જ્ઞાતિના મતદારો અંદાજે 1.14 લાખ છે.

## NEWS FILE

### અમદાવાદમાં શુદ્ધ હવાનું પરિણામ 2026માં જોવા મળશે



અમદાવાદઃ અમદાવાદ સહિત રાજ્યમાં હવાના પ્રદૂષણ મામલે સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાએ રજૂ કરેલા ડેટામાં વિરોધાભાસ જોવા મળ્યો છે. સ્વૈચ્છિક સંસ્થાએ અમદાવાદ, સુરત અને અંકલેશ્વરની હવા ઝેરી હોવાનું કહ્યું છે. જ્યારે સરકારે હાઈકોર્ટમાં રજૂઆત કરી હતી કે, માત્ર ઔદ્યોગિક વિસ્તારોમાં જ હવાનું વધુ પ્રદૂષણ છે. ઓઢવ, નિકોલ, નરોડા અને સરખેજમાં સૌથી વધુ પ્રદૂષણ હોવાની રજૂઆત કરાઈ હતી. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડે હાઈકોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે, સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડે હવા શુદ્ધ કરવા માટેનો પ્રોજેક્ટ અમલી બનાવ્યો છે પરંતુ તેનું પરિણામ 2026માં જોવા મળશે.

### વડોદરાના પો. કમિશનર તરીકે નરસિમ્હા કોમરે ચાર્જ સંભાળ્યો

વડોદરાઃ લોકસભાની ચૂંટણીને પગલે ચૂંટણી પંચે 35 અધિકારીઓની બદલી અને બઢતીના ઓર્ડર કર્યા છે. તે અંતર્ગત વડોદરા શહેર પોલીસ કમિશનર તરીકે નરસિમ્હા કોમરે આજે પોતાનો ચાર્જ સંભાળ્યો છે. તેમણે કોમી તોફાનોને લઈને અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી તેમજ ડ્રગ્સના દૂષણ સામે એક્શન પ્લાન તૈયાર કરીને લાગુ કરવાની વાત કરી હતી. વડોદરા શહેરના નવા પોલીસ કમિશનર નરસિમ્હા કોમરે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના ગૃહ વિભાગ દ્વારા મારી નિયુક્તિ વડોદરા શહેર પોલીસ કમિશનર તરીકે થઈ છે.

## ઘોડાસર સ્પ્લિટ ફલાયઓવર બ્રિજ ખુલ્લો મૂકવામાં આવ્યો

### નારોલથી નરોડા, મણિનગર જતાં લોકોને ફાયદો થયો

■ અમદાવાદ

શહેરીજનોને ટ્રાફિક સમસ્યામાંથી મુક્તિ મળે તેના માટે શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા ટ્રાફિક જંકશનો પર ઓવરબ્રિજ બનાવવામાં આવી રહ્યા છે. પૂર્વ વિસ્તારમાં ઘોડાસર ચાર રસ્તા પર ટ્રાફિક સમસ્યાને લઈ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અંદાજે રૂપિયા 62 કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલો ઘોડાસર સ્પ્લિટ ઓવરબ્રિજને રામનવમી બાદ જાહેર જનતાના ઉપયોગ માટે ખુલ્લો મૂકાયો છે. ઘોડાસર બ્રિજ બનવાના કારણે 2.50 લાખ જેટલા વાહન ચાલકોને ફાયદો થશે અને ઈંધણ તેમજ સમયની બચત થશે.

ઈસનપુરથી કેડિલા બ્રિજને જોડતા



BRTS રોડ પર 707 મીટર લાંબો ફોર લેન ફ્લાય ઓવરબ્રિજ બનાવવામાં આવ્યો છે. બ્રિજના મુખ્ય ઓબ્લીગેટરી સ્પાનનો લોડ ટેસ્ટ કરવામાં આવી રહ્યો છે. 100 ટકા લોડ મૂકવામાં આવ્યો છે. 24 કલાક પછી લોડ સાથે પરીક્ષણ કરવામાં આવ્યું. ત્યારબાદ તમામ સ્પાનનું ફરીથી ટેસ્ટિંગ કરવામાં આવ્યું અને ત્યાર બાદ તેને નાગરિકો માટે ખુલ્લો મુકવામાં આવ્યો. શનિવારે વિસ્તારના નાગરિકો માટે આ બ્રિજને ખુલ્લો મૂકવામાં આવ્યો છે.

## વડોદરાના અતુલે ત્રીજીવાર સિવિલ સર્વિસ પાસ કરી

### ઓલ ઈન્ડિયામાં 62મો રેન્ક, હવે IFSમાં જવાની ઈચ્છા

■ વડોદરા

મૂળ દિલ્હીના અને વડોદરામાં રહેતા યુવાને એકવાર નહીં, પણ 3-3 વાર UPSC પાસ કરી છે. 2 વખત પસંદગીની સર્વિસ ન મળતાં તેણે ફરી ત્રીજી વખત એટેમ્પ્ટ કર્યો હતો. જેમાં તેણે ઓલ ઈન્ડિયા 62મો રેન્ક મેળવ્યો છે અને હવે તે ઈન્ડિયન ફોરેન સર્વિસમાં જવા માગે છે. અતુલ ત્યાગીએ પહેલી વખત 291 અને બીજી વખત 145મો રેન્ક પ્રાપ્ત કર્યો હતો. વડોદરામાં રહેતા અને UPSCની પરીક્ષામાં 62મો રેન્ક મેળવનાર અતુલ ત્યાગીએ વાતચીતમાં જણાવ્યું હતું કે, હું મૂળ દિલ્હીનો છું, પણ વર્ષોથી ગુજરાતમાં રહું છું. હું છઠ્ઠા ધોરણથી વડોદરામાં કેન્દ્રીય વિદ્યાલયમાં અભ્યાસ કરતો હતો.



વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીમાંથી મેં અંગ્રેજી ભાષામાં ગ્રેજ્યુએશનનો અભ્યાસ કર્યો હતો. આ મારો ત્રીજો એટેમ્પ્ટ છે. પ્રથમ એટેમ્પ્ટમાં મેં ઓલ ઈન્ડિયા 291મો રેન્ક પ્રાપ્ત કર્યો હતો અને સેકન્ડ એટેમ્પ્ટમાં મેં ઓલ ઈન્ડિયા 145મો રેન્ક પ્રાપ્ત કર્યો હતો અને આ વખતે મેં ઓલ ઈન્ડિયા 62મો રેન્ક પ્રાપ્ત કર્યો છે. હું હાલ ઈન્ડિયન રેવન્યૂ સર્વિસમાં છું અને હવે હું ઈન્ડિયન ફોરેન સર્વિસમાં જવા માગુ છું અને મને આશા છે કે, આ વખતે મને એ મળી જશે.

### બ્રાઝિલના રાજદૂત આચાર્ય દેવવ્રતની શુભેચ્છા મુલાકાતે



ગાંધીનગરઃ ભારતમાં બ્રાઝિલના રાજદૂત કેનેથ ફેલિક્સ હઝિન્સ્કી દ નોબ્રેગા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની શુભેચ્છા મુલાકાતે આવ્યા હતા. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે તેમને આવકાર્યા હતા. આ તક્કે બ્રાઝિલના રાજદૂત કેનેથ ફેલિક્સ હઝિન્સ્કી નોબ્રેગાએ કહ્યું હતું કે, બ્રાઝિલની અનેક કંપનીઓ-ઉદ્યોગો ભારતમાં મહારાષ્ટ્ર, કર્ણાટક અને દિલ્હીમાં કાર્યરત છે. બ્રાઝિલિયન કંપનીઓ ગુજરાતમાં આવે અને વેપાર-વાણિજ્ય વિકસાવે એવા પ્રયત્નો કરાશે. પશુપાલન અને કૃષિ ક્ષેત્રે અગ્રેસર બ્રાઝિલે કેટલાક વર્ષો પહેલા ગુજરાતની ગીર ગાય આયાત કરી હતી.

## દક્ષિણ એશિયાનું પહેલું કેન્દ્ર « રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીમાં BCORE સેન્ટર શરૂ થશે, કોઈપણ ઉંમરના વ્યક્તિ ઓલિમ્પિક પર અભ્યાસ અને રિસર્ચ કરી શકશે

■ અમદાવાદ


ગાંધીનગરના દહેગામમાં આવેલી રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીમાં ભારત સેન્ટર ફોર ઓલિમ્પિક રિસર્ચ એન્ડ એજ્યુકેશન (BCORE)ની સ્થાપના કરવામાં આવશે. આગામી 23 જૂનના રોજ ઉદ્ઘાટન કરી શરૂ કરવામાં આવશે. BCOREએ એક કેન્દ્ર છે. જે ભારત તેમજ દક્ષિણ એશિયાનું પ્રથમ કેન્દ્ર છે અને વિશ્વનું 71મું કેન્દ્ર છે. આ કેન્દ્રમાં હવે કોઈપણ ઉંમરના વિદ્યાર્થીઓ ઓલિમ્પિક પર અભ્યાસ અને રિસર્ચ પણ કરી શકશે. ભારતમાં વર્ષ 2036માં ઓલિમ્પિક યોજાશે તે અગાઉ અત્યારથી જ લોકો સારી રીતે તૈયારી કરી શકે તે માટે ગાંધીનગરના દહેગામમાં આવેલી રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીમાં ઓલિમ્પિક માટેની BCORE સેન્ટર શરૂ કરવામાં આવશે. ઓલિમ્પિકને પ્રોત્સાહન આપવા વિદ્વાન વ્યવસાયિકો, રમતગમતના કર્મચારીઓ, કોચ અને ઉત્સાહીઓને સંશોધન આધારિત જ્ઞાનનો ઉપયોગ કરવા માટે એક હબ તરીકે સેવા આપવામાં આવશે. રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીએ રાષ્ટ્રીય, આંતરિક સુરક્ષા અને પોલીસ અભ્યાસમાં વિશેષના ધરાવતી ભારતીય કેન્દ્રીય યુનિવર્સિટી છે.

### ભારતમાં એકમાત્ર યુનિવર્સિટીમાં BCOREનું કેન્દ્ર




દેશભરમાં માત્ર રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીમાં જ BCOREનું કેન્દ્ર આપવામાં આવ્યું છે. જેને આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન તરફથી માન્યતા પ્રાપ્ત થઈ છે. ભારત અને દક્ષિણ એશિયાનું સૌ પ્રથમ કેન્દ્ર રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીમાં આપવામાં આવ્યું છે. આગામી 23 જૂન સત્તાવાર રીતે BCOREનું ઉદ્ઘાટન કરવામાં આવશે, ત્યારબાદ રિસર્ચ અને અભ્યાસ શરૂ કરવામાં આવશે. જોકે અત્યારે પણ કેટલા રિસર્ચ અને પેપર તૈયાર કરવામાં આવ્યા છે. **વિદ્યાર્થીઓને યુનિવર્સિટી મદદ પૂરી પાડશે** જે વિદ્યાર્થીઓ ઓલિમ્પિક અંગે અભ્યાસ કરવા ઈચ્છતા હોય અથવા રિસર્ચ કરવા ઈચ્છતા હોય તમામ માટે યુનિવર્સિટી મદદ પૂરી પાડશે. તમામ લોકો પાસેથી સૂચનો પણ માંગવામાં આવ્યા છે. કોઈપણ ઉંમરના વ્યક્તિ ઓલિમ્પિક પર રિસર્ચ તેમજ અભ્યાસ કરી શકશે. આ દરમિયાન જરૂરી ડેટા પણ પૂરો પાડવામાં આવશે.

લોકસભાની ચૂંટણીનો જંગ



## આ બેઠક પર 23 વર્ષ ચાલી હતી રાજસ્થાન પેટર્ન, જોકે ત્યારબાદ તેમાં પરિવર્તન આવ્યું

# સુરેન્દ્રનગરમાં 62 વર્ષમાં એક જ વખત મહિલા સાંસદ ચૂંટાયા, હવે કોણ ચૂંટાશે?

## સોમા પટેલ કોંગ્રેસ-ભાજપમાંથી 4 વખત જીત મેળવીને સાંસદ બન્યા

■ અમદાવાદ

સુરેન્દ્રનગર જિલ્લો એટલે સૌરાષ્ટ્રનું પ્રવેશદ્વાર. ગુજરાતનો પ્રખ્યાત તરણેતરનો મેળો સુરેન્દ્રનગર જિલ્લાની ઓળખ છે. અહીં સિરામિક ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ આવેલા છે. સુરેન્દ્રનગરની જનતાએ કોંગ્રેસ, ભાજપ તેમજ અન્ય પક્ષોના ઉમેદવારોને પણ વધાવ્યા છે.

સુરેન્દ્રનગર લોકસભા બેઠક પરથી ભાજપે મોરબી જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ચંદુ શિહોરાને મેદાને ઉતાર્યા છે, જ્યારે કોંગ્રેસે ચોટીલાના પૂર્વ ધારાસભ્ય ઋત્વિક મકવાણાને ટિકિટ આપી છે. ચંદુ શિહોરા ચુંવાળિયા કોળી સમાજનો ચહેરો છે તો ઋત્વિક મકવાણા તળપદા કોળી સમાજમાંથી આવે છે.

### રાજસ્થાન પેટર્ન

પાછલાં ઘણાં વર્ષોથી જેમ રાજસ્થાનમાં દર પાંચ વર્ષે જનતા સત્તાપક્ષને બહારનો રસ્તો દેખાડીને વિપક્ષને સત્તા સોંપે છે તેવું જ કંઈક આ બેઠક પર વર્ષ 1991થી 2009 સુધી સતત થતું રહ્યું. મતદારોએ અહીં 1991માં ભાજપની પસંદગી કરી તો 1996માં કોંગ્રેસને રાજ સોંપ્યું. 1998માં ભાજપને સત્તા સોંપી તો 1999માં કોગ્રેસને જિતાડી. 2004માં ભાજપ તો 2009માં કોંગ્રેસને જીત અપાવી. આમ 1991થી 2009 સુધી ભાજપ-કોંગ્રેસ, ભાજપ-કોંગ્રેસ થતું રહ્યું.

### સુરેન્દ્રનગર બેઠકનો ઈતિહાસ

સુરેન્દ્રનગર લોકસભા બેઠક પર 1962થી 2019 સુધીમાં યોજાયેલી કુલ 15 ચૂંટણીમાંથી 6 વખત કોંગ્રેસ, 1 વખત કોંગ્રેસ (આઇ), 6 વખત ભાજપ, 1-1 વખત સ્વતંત્ર પાર્ટી અને ભારતીય લોકદળના ઉમેદવારોની જીત થઈ છે. આ બેઠક પરથી પૂર્વ મુખ્યમંત્રી ઘનશ્યામ ઓઝા, રાજવી પરિવારના સભ્ય મેઘરાજજી, દિગ્વિજયસિંહ ઝાલા, સનત મહેતા, સવસી મકવાણા જેવા દિગ્ગજો ચૂંટણી લડીને સાંસદ બનેલા છે. ભાજપ અને કોંગ્રેસમાં પક્ષપલટો કરનારા સોમા પટેલ આ બેઠક પરથી 1989, 1991, 2004 અને 2009 એમ કુલ ચાર વખત સાંસદ બન્યા હતા. 2019માં અહીંથી ભાજપના ઉમેદવાર ડૉ. મહેન્દ્ર મુંજપરાની જીત થઈ હતી, તેઓ કેન્દ્રીય આયુષ અને મહિલા-બાળવિકાસ રાજ્યમંત્રી બન્યા હતા.





**સૌથી વધુ કોળી મતદારો** આ બેઠક પર સૌથી વધુ મતદારો હોય તો તે કોળી સમાજના મતદારો છે, જેની સંખ્યા અંદાજે 5.89 લાખ છે, જ્યારે ક્ષત્રિય મતદારો અંદાજે 2.23 લાખ, દલિત મતદારો અંદાજે 2.03 લાખ, માલધારી મતદારો અંદાજે 1.83 લાખ, પાટીદાર મતદારો અંદાજે 1.83 લાખ, મુસ્લિમ મતદારો અંદાજે 1.01 લાખ, બ્રાહ્મણ મતદારો અંદાજે 61 હજાર, જૈન મતદારો અંદાજે 41 હજાર તેમજ અન્ય જ્ઞાતિના અંદાજે 4.47 લાખ મતદારો છે.

### મહિલાઓ કરતાં પુરુષોનું 8 ટકા વધુ મતદાન, આ વખતે કોણ બાજી મારશે?

2019ની ચૂંટણીમાં આ બેઠક પર સરેરાશ 58 ટકા મતદાન થયું હતું, જે 2014 કરતાં ફક્ત 1 ટકા જ વધુ હતું. 2014માં અહીં 57 ટકા મતદાન થયું હતું. જ્યારે 2009માં 40 ટકા મતદાન થયું હતું, જે 2014 કરતાં 17 ટકા ઓછું હતું. 2019માં 62 ટકા પુરુષોએ અને 54 ટકા મહિલાઓએ મતદાન કર્યું હતું. મહિલાઓ કરતાં પુરુષોએ 8 ટકા વધુ મતદાન કર્યું હતું.

**ઝાલાવાડ બેઠક** 1962 પહેલાં સુરેન્દ્રનગર લોકસભા બેઠક ઝાલાવાડ તરીકે ઓળખાતી હતી. ઘનશ્યામ ઓઝા ગુજરાતના મુખ્યમંત્રી બન્યા એ પહેલાં 1957માં ઝાલાવાડ બેઠક પરથી અને 1962માં સુરેન્દ્રનગર બેઠક પરથી કોંગ્રેસના સાંસદ તરીકે ચૂંટાયા હતા.

### 2022ની ચૂંટણીમાં તમામ 7 વિધાનસભા સીટ પર ભાજપ જીત્યું

સુરેન્દ્રનગર લોકસભા બેઠકમાં વીરમગામ, ધંધૂકા, દસાડા, લીંબડી, વઢવાણ, ચોટીલા અને ધ્રાંગધ્રા આ 7 વિધાનસભા બેઠક આવે છે. 2022માં યોજાયેલી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં આ સાતેય બેઠક પર ભાજપની જીત થઈ હતી, કોંગ્રેસ કે આમ આદમી પાર્ટી એકપણ બેઠક જીતી શકી ન હતી.

**કોંગ્રેસ-AAPને ભાજપ કરતાં 45,000 મત ઓછા મળ્યા**
સુરેન્દ્રનગરની તમામ 7 વિધાનસભામાં ભાજપને 6.28 લાખ મત મળ્યા હતા, કોંગ્રેસને 3.42 લાખ અને આમ આદમી પાર્ટીને 2.40 લાખ મત મળ્યા હતા. કોંગ્રેસ અને AAPને મળેલા મતનો સરવાળો કરીએ તો એ 5.82 લાખ થાય છે.

# કલાબેન ડેલકરે BJPના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી

## દાદરા નગર હવેલીના વર્તમાન સાંસદ છે કલાબેન

■ વલસાડ

વલસાડ જિલ્લાને અડીને આવેલા સંઘ પ્રદેશ દાદરા નગર હવેલીની લોકસભા બેઠક ઉપરથી ભાજપના ઉમેદવાર કલાબેન ડેલકરે સવારે ઘરે પૂજા કરી હતી. સ્વ. મોહનભાઈ ડેલકરના આશ્રિવાદ મેળવી BJP કાર્યાલય ખાતે BJP કાર્યકરોને સંબોધીને શક્તિ પ્રદર્શન સાથે દાદરા નગર હવેલીના ચૂંટણી અધિકારીને ઉમેદવારી પત્ર ભર્યું હતું. ઉમેદવારી પત્ર ભરતા પહેલા કલાબેને પરિવારજનો સાથે ઘરે પૂજા આરતી કરી હતી. મહત્વપૂર્ણ છે કે કલાબેન ડેલકર દાદરા નગર હવેલીના સાત વખત સાંસદ રહી ચૂકેલા સ્વ. મોહનભાઈ ડેલકરના પત્ની છે. આથી પ્રદેશના રાજકારણમાં ડેલકર પરિવારનો વર્ષો થી દબદબો છે. લોકસભાની સામાન્ય ચૂંટણીમાં દાદરા નગર હવેલીની.બેઠક ઉપરથી BJPના ઉમેદવાર તરીકે કલાબેન ડેલકરને ચૂંટણી જંગમાં ઉતાર્યા છે.



NEWS FILE

### ભાવનગરના પર્યટક સ્થળ તરીકે પીરમબેટનો વિકાસ કયારે ?




ભાવનગરઃ ગુજરાત રાજ્યમાં સમુદ્રમાં આવેલા અલગ અલગ બેટ-ટાપુઓને વિકસાવવા માટે સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવે છે પણ તેમાં ભાવનગરથી નજીક સમુદ્રમાં આવેલા પીરમબેટનો હજુ સુધી વિકાસ થઈ શક્યો નથી. ઘોઘાથી હોડીમાં બેસીને પીરમબેટ સુધી પહોંચી શકાય છે અને ફરવા માટેનું ઉત્તમ સ્થળ બની શકે તેમ છે. હાલમાં ગુજરાતમાં 144 કુલ ટાપુઓ આવેલા છે તેમાં પ્રથમ ફેજમાં પીરોટન ટાપુ, શિયાળટાપુ વિકસાવવાનું આયોજન કરાયું છે પરંતુ ભાવનગર જિલ્લાના પીરમબેટને ધ્યાનમાં લેવામાં આવતો નથી. ખજાના જેવો ટાપુ 3 કિલોમીટર વિસ્તારમાં દરિયાની વચ્ચે સુંદરતાથી પથરાયેલો છે.

### પર્વતોએ રોક્યો પશ્ચિમ-દક્ષિણને જોડતો એક્સપ્રેસ વે

સુરતઃ ગુજરાતના આર્થિક પાટનગર સુરતને દેશનાં ચાર મહાનગર પૈકીના એક ચેન્નાઈ સાથે એક્સપ્રેસ-વેથી જોડવાની યોજના છે. 1,271 કિમી લાંબા આ પ્રોજેક્ટને સુરત-ચેન્નાઈ ઈકોનોમિક કોરિડોર એક્સપ્રેસ-વેનું નામ અપાયું છે. વેપારપ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાના હેતુથી આ એક્સપ્રેસ-વેનું નિર્માણ કરવાની યોજના છે. વિવિધ ભાગમાં વહેંચીને યોજનાનું કામ શરૂ પણ કરી દેવાયું છે પરંતુ પરિયોજના જ્યાંથી શરૂ થવાની છે તે સુરતથી હજી સુધી કામ શરૂ થઈ શક્યું નથી અને તેનું એલાઈનમેન્ટ પણ ફાઈનલ થઈ શક્યું નથી.

### 2 GST ઈન્સ્પેક્ટર, વલસાડના અધિકારીએ UPSC પાસ કરી





વાપીઃ વાપીના 27 વર્ષિય યુવાન હાલ જીએસટીમાં ઈન્સ્પેકટર સાથે યુપીએસસી પરીક્ષાની તૈયારી કરી રહ્યો હતો. તેમણે તાજેતરમાં ત્રીજી વખતની ટ્રાયલમાં સફળતા મેળવી છે. વાપીના ચલા શિવાલિકમાં રહેતાં રજત ત્રિપાઠી યુપી ઝાંસીના રહેવાસી છે. વાપીમાં રહીને યુપીએસસી પરીક્ષાની તૈયારી કરી રહ્યા હતાં. હાલ જીએસટી વિભાગમાં ઈન્સ્પેકટર તરીકે તેઓ કાર્યરત છે. વલસાડ અબ્રામા ખાતે રહેતા અને મૂળ રાજસ્થાની પરિવારના પ્રેમસિંગ મીણા છેલ્લા 7 વર્ષથી રાજસ્થાન છોડી વલસાડ જિલ્લામાં GST વિભાગમાં પોસ્ટિંગ મળતા માતા સાથે રહે છે.

# ચૂંટણી પહેલાં AAPને મોટો ઝટકો

## સ્ટારપ્રચારક અલ્પેશ કથીરિયા અને ધાર્મિક માલવિયાનું રાજીનામું, ટૂંક સમયમાં ભાજપમાં જોડાય તેવી શક્યતા

■ સુરત

લોકસભાની ચૂંટણીને આડે ગણતરીના દિવસો બાકી છે ત્યારે આમ આદમી પાર્ટીને ગુજરાતમાં મોટો ઝટકો લાગ્યો છે. કારણ કે, સુરતમાં અલ્પેશ કથીરિયા અને ધાર્મિક માલવિયાએ આમ આદમી પાર્ટી સાથે છેડો ફાડ્યો છે. બન્નેએ આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવીને પોતાનું રાજીનામું મોકલ્યું છે. ઉલ્લેખનીય છે કે જ આમ આદમી પાર્ટીએ સ્ટાર પ્રચારકની યાદી જાહેર કરી હતી. જેમાં અલ્પેશ કથીરિયાનું નામ હતું. જોકે તેમણે રાજીનામું આપી દેતા આમ આદમી પાર્ટીમાં ખળભળાટ મચી ગયો છે. અલ્પેશ કથીરિયા અને ધાર્મિક માલવિયાએ ઈસુદાન ગઢવીને રાજીમાનું મોકલ્યું છે. જેમાં લખ્યું છે કે, આમ આદમી પાર્ટીની તમામ જવાબદારીમાંથી મુક્ત થઈએ છીએ. પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી પણ તાત્કાલિક અસરથી રાજીનામું આપીએ છીએ. રાજીનામું સ્વીકારવા વિનંતી. પાટીદાર અનામત સંઘર્ષ સમિતિમાં હાર્દિક પટેલ સાથે સૌથી મોટા ચહેરા તરીકે અલ્પેશ કથીરિયા અને ધાર્મિક માલવિયા હતા. હાર્દિકના ગયા બાદ પાટીદાર આંદોલનને તેઓ સંભાળી રહ્યા હતા.

### આમ આદમી પાર્ટીએ બંનેને વિધાનસભાની ટિકિટ આપી પણ જીતી શક્યા નહીં

**આંદોલનકારીમાંથી બન્યા રાજકીય નેતા**
અલ્પેશ કથીરિયા અને ધાર્મિક માલવિયાએ એકસાથે વિધાનસભામાં આપના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી હતી. અલ્પેશ કથીરિયા વરાછા વિધાનસભામાં કુમાર કાનાણી સામે આપના ઉમેદવાર હતા. આંદોલનકારીમાંથી તક મળતા રાજકીય નેતા તરીકે પોતાની કારકિર્દી શરૂ કરી હતી અને તેમણે વિધાનસભાની ચૂંટણીમાં ઝંપલાવ્યું હતું.

પાટીદાર અનામત આંદોલનને કારણે સુરતમાં વસતા પાટીદારોમાં આ યુવા ચહેરાઓએ મજબૂત પકડ બનાવી હતી. જેનો લાભ લેવા માટે આમ આદમી પાર્ટીએ તેમને પોતાનો ઉમેદવાર ઘોષિત કર્યા હતા. બીજી તરફ અલ્પેશ અને ધાર્મિકે પણ તક જોતા પોતાની રાજકીય કારકિર્દી શરૂ કરવાનું મન બનાવી લીધું હતું. પાટીદાર યુવકોમાં તેમની લોકપ્રિયતા વધુ હોવા છતાં પણ તેઓ ચૂંટણીમાં જીતી શક્યા નહોતા. ભાજપના સંગઠન અને મોદી લહેરમાં તેઓ હાર્યા હતા.
**સક્રિય રાજનીતિથી દૂર હતા** વિધાનસભાની ચૂંટણી હાર્યા બાદ અલ્પેશ અને ધાર્મિક બંને રાજકીય કાર્યક્રમોથી દૂર રહેવાનું પસંદ કરી રહ્યા હતા. ત્યારથી જ શંકા હતી કે, આ બંને નેતાઓ કંઈક નવાજૂની કરશે. આમ આદમી પાર્ટી દ્વારા યોજાતા કાર્યક્રમમાં પણ તેઓ સતત ગેરહાજર રહેતા હતા. અંદરોઅંદર આમ આદમી પાર્ટીના નેતાઓને પણ ગંધ આવી ગઈ હતી કે, તેઓ પાર્ટી છોડશે.

# મંદિરની ધજાને જોતાવેંત જ તુલસીની અંદર શ્રદ્ધા ઉભરાવા લાગી



## ઋણાનુબંધ

ભાવના પટેલ

**નવલકથા - પ્રકરણ - 29**

અંતે જવાનો દિવસ આવી ગયો. તુલસી રુખીબહેનની વિદાય લેવા ગઈ. રુખીબહેને ગળગળા અવાજે કહ્યું ‘તારું ધ્યાન રાખજે. મારા વતીયે શુભા હાટુ ભગવાનને વિનવજે. હંધુયે લીધું ને?’

તુલસીથી આદતવશ નમીને પગે લાગી જવાયું. તુલસીના મા-બાપને ઘરે એ નિયમ હતો કે, ઘરેથી બહાર નીકળતી વખતે ભગવાનને અને મા-બાપને પગે લાગીને જ નીકળવાનું. તુલસી પગે લાગી એટલે એ બોલ્યા ‘સુખી રહે, તારી બધી ઈચ્છા ભગવાન પૂરી કરે.’ એટલું કહેતા-કહેતા તો એમનો કંઠ રૂંધાઈ ગયો.

તુલસીએ ઝમકુને રુખીબહેનનું ધ્યાન રાખવાનું કહ્યું, ઘરનું ધ્યાન રાખવાનું કહ્યું ને નીકળી.

સંસ્કારનો આજ તો ફરક હોય છે ને. તુલસી લગભગ પાંચ વર્ષથી આ ઘરમાં હતી. આ લોકોએ એની પર વિતાડવામાં કંઈ જ બાકી નહોતું રાખ્યું, તોયે એના મોઢે કદીયે આ લોકો માટે તુંકારો સુધ્ધાં નહોતો આવ્યો કે એમનું અપમાન થાય એવું એ બોલી નહોતી.

‘દીકરી તને થાક લાગે તો કહી દેજે હો. આપણે વિહામો લેતા-લેતા જાહુ. આટલું બધું હાલવાની તને ટેવ નો હોય એટલે નાયે હલાય. તો કઈ દેજે તમતમારે.’ શાન્તામાસી બોલ્યા.

તુલસી થાકી તો ગઈ હતી, પરંતુ કોઈક અદ્રશ્ય તાકાત જાણે એને ખેંચતી હોય એમ ખેંચાતી જતી હતી. મા આનંદમયી કહેશે કે ફલાણી જગ્યાએ શુભા છે, જા જઈને લઈ આવ. એવું જાણે કે ના સાંભળવા મળવાનું હોય!

‘માસી થાક હંમેશા તનને લાગે છે, મનને નહીં. મનમાં તો તમે જેવા વિચાર કરશો એવું જ અનુભવશો. મારા મનને મેં થાકવા દીધું નથી.’ હાંફતા હાંફતા તુલસી બોલી.

આમ તો આ સમગ્ર પરિક્રમામાર્ગ કુદરતી સૌંદર્યથી ભરપૂર છે. જો નિરખ્યા કરીએ તો હટવાનું મન થાય જ નહીં.

રૂપાય તનથી ઈટવા ઘોડી ને ત્યાં થી જીણાબાવાની મઢી ત્યાં રાત્રી રોકાણ કરેલું. ત્યાંથી માળવેલા ઘોડી, સરખડીયા હનુમાન ,નળપાણીની ઘોડી, શ્રવણ વડ ને ત્યાંથી બોરદેવી પહોંચ્યા.

આ આખોય રસ્તો જંગલમાં થઈને જાય છે. વચ્ચે વહેતા ઝરણા, કુંડ, થોડું ચઢાણ ને જ્યારે બોરદેવી પહોંચીએ ત્યારે એવું લાગે કે જાણે કોઈ હિલ સ્ટેશન પર આવી ગયા છીએ.

કુદરતે અહીં છુટા હાથે સૌંદર્ય વેર્યું છે. બધી જ ચિંતા, અકળામણ ભૂલી જઈએ, ને પરમ તત્વનું આત્મા સાથે સરસંધાન થઈ જાય એવી પવિત્ર જગ્યા છે.

‘બોરદેવી માતાજીનું હજારો વર્ષ પુરાણું મંદિર છે. જ્યાં બોરડીમાંથી મા અંબિકા પ્રગટ થયેલા છે. સ્કંદપુરાણ પરમાણે શ્રીકૃષ્ણએ એમની બહેન સુભદ્રા અને અર્જુનના લગન આ જગ્યાએ કરાવેલા અને ગિરનારની પરિક્મ્માએ કરેલી.’ શાન્તામાસીએ ચાલતા-ચાલતા થોડા હાંફતા અવાજે કહ્યું.

આ સાંભળીને તુલસી અચરજ પામી ને થોડા ઝડપથી પગલા ઉપાડતી બોલી ‘માસી હવે બોરદેવી કેટલું દૂર છે?’

દર પાંચ મિનિટે પૂછતી તુલસીને શાન્તામાસીએ સલુકાઈથી જવાબ આપ્યો કે ‘બસ, ગગી હવે પોંચવામાં જ છીએ હો.’ શાન્તામાસી જાણતા હતા કે, માની પ્રતીક્ષા શું હોય છે. સંતાનથી એક વરસ દૂર રહેવાનું કેટલું આકરું હોય છે. એમાંયે સાડા ત્રણ વરસની જ નાનકડી દીકરીની જુદાઈ કઈ મા બરદાસ્ત કરી શકે!



મનોમન બસ ભગવાનને પ્રાર્થના કરી લેતા કે, હે ભગવાન તું જે કોઈપણ રૂપમાં હોય, તને એ રૂપમાં વિનવું છું પ્રભુ આ છોડીને મારગ દેખાડ. એને જીવવાનો કાંક સહારો આલ મારા નાથ.

દૂરથી મંદિરની ધજા દેખાઈ એટલે શાન્તામાસી બોલ્યા ‘લે ગગી, આવી પુયગા, જો હામે ધજા દેખાણી.’

તુલસી એક ક્ષણ ઊભી રહીને ધજા સામે જોઈ રહી. ધજાને જોતાવેંત જ એની અંદર શ્રદ્ધા ઉભરાવા લાગી.

બીજી જ ક્ષણે શાન્તામાસીનો હાથ ખેંચતી બોલી ‘ચાલો-ચાલો જલ્દી ચાલો માસી.’ પછી કોઈક અનંત શ્રધ્ધાથી શાન્તામાસીનો હાથ પકડીને એને લગભગ ખેંચતી એક પછી એક ડગલાં ફટાફટ ઉપાડવા માંડી.

ગિરનારના આખા પરિક્રમા માર્ગમાં બોરદેવી એક જ આવી સમતળ ને આટલી વિશાળ જગ્યા છે. ત્યાં પહોંચતાવેત તુલસી બોલી ‘માસી મા આનંદમયી ક્યાં મળશે?’

‘મળશે દીકરી જરૂર મળશે. જરા પોરો ખા.’ શાન્તામાસી હાંફતા-હાંફતા બોલ્યાં. તુલસીએ જોયું કે ઝડપથી ચાલવાથી એમને શ્વાસ ચડી ગયો છે એટલે એણે શાન્તામાસીને હાથ પકડીને હળવેકથી નજીક રહેલા એક સપાટ પથ્થર પર બેસાડયાં, ને દોડતી જઈને પાણી લઈ આવી.

બંનેએ થોડીવાર આરામ કર્યો, મંદિરમાં જઈને દર્શન કર્યા. ચારે બાજુ શ્રદ્ધાળુ જ નજરે પડતા હતા.

શાન્તામાસીએ તુલસીને એક બાજુ બેસાડી એને કહ્યું ‘હું ખબર કાઢી આવું મા આનંદમયી ક્યાં છે ને કયે મળશે. તું ન્યા બગણ આયા સામાન પાહે બેસ. હું અબઘડી આવી.’

તુલસીનું મન તો થયું કે એમની સાથે જ જાય, પરંતુ એમની વાતનો અનાદર ના કરી શકી. શાન્તામાસી થોડીવારમાં જ પાછા આવ્યા ને બોલ્યા ‘મા ધ્યાન કરવા બેહી ગ્યા છે. હવે રાતે સત્સંગમાં જ મળશે. હાલ આપણે ખાઈ લઈ. તનેય ભૂખ લાયગી હઈશે, પેટને તો એનું ભાડું દેવું જ જોહે ને.’

તુલસીને આ વિલંબ હવે અકળાવતો હતો. એક-એક પળ હવે જાણે કે એ શુભાથી દૂર રહેતી હોય એવો ભાસ એને થતો હતો.

છતાંયે કોઈનીયે વાતને ઠુકરાવવાનું એના સ્વભાવમાં જ નહોતું. પહેલા મા-બાબા જેમ કહેતા એમ કરતી ગઈ ને એમ જીવતી ગઈ. એને યાદ નહોતું કે એકવાર પણ એને એના મા-બાપની વાતને ઉથાપી હોય.

પછી લક્ષ્મીપ્રસાદ ને રુખીબહેને જેમ રાખી એમ રહી, જે ખાવા આપ્યું એ ચૂપચાપ ખાઈ લીધું.

**ક્રમશઃ વધુ આવતા અંકે...**

લેખકની કૃતિઓ અનેક પ્રકાશનોમાં છપાઈ ચૂકી છે. આપ સૌના મૂલ્યવાન સૂચન, મંતવ્યો તમે તેમને +91 94291 31129 પર વોટ્સએપ દ્વારા મોકલી શકો છો. કે bjpatel1970@gmail.com પર મોકલી શકો છો.

## સાપ્તાહિક રાશિફળ



Durgaprasad shastri
Astrology & vastu services
durgaprasadastro@gmail.com
Acharya Durgaprasad Shastri
India - 9376115884, 7574888002

### મેષ



પરિવારના કોઈ અપરિણીત સભ્ય માટે સંબંધની વાત થઈ શકે છે. આ સમયે ગ્રહોની સ્થિતિ ખૂબ જ અનુકૂળ છે. મિલકતના ખરીદ-વેચાણ અથવા ટ્રાન્સફર સંબંધિત કામ માટે યોજનાઓ બનાવવામાં આવશે. જો કોઈ સમસ્યા આવે તો ધીરજ અને સંયમથી કામ લેવું. ગુસ્સો વસ્તુઓને વધુ ખરાબ કરી શકે છે.

(અ, લ, ઈ)

### વૃષભ



વ્યસ્ત દિનચર્યા રહેશે. વિદેશ જવાનો પ્રયાસ કરી રહેલા લોકોને આજે કોઈ સારા સમાચાર મળી શકે છે. નજીકના સંબંધીને મુશ્કેલીમાં આર્થિક મદદ કરવાથી આધ્યાત્મિક સાંત્વના મળશે. તમારા સ્વભાવમાંથી અહંકારને દૂર કરવાની જરૂર છે. દુઃખદ સમાચાર મળ્યા પછી તમારું મન કંઈક અંશે વ્યગ્ર રહેશે.

(બ.વ.ઉ)

### મિથુન



છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી અવ્યવસ્થિત દિનચર્યામાંથી આજે થોડી રાહત મળશે. તમે નાણાકીય બાબતોમાં પણ યોગ્ય અને નક્કર અને જરૂરી નિર્ણયો લઈ શકશો. ભૂતકાળની ભૂલોમાંથી શીખીને આજે તમારી જાતને સુધારવાનો પણ પ્રયાસ કરશો. વધુ જવાબદારીઓને કારણે વ્યસ્તતા વધશે.

(ક.છ.ઘ)

### કર્ક



ગ્રહોની સ્થિતિ અનુકૂળ છે. બધા કાર્યો સમયસર પૂર્ણ થશે અને સમય આનંદથી પસાર થશે અને તમારા પરિવાર પર ઉદારતાથી ખર્ચ થશે. અન્યોની નજરમાં તમારી છબી વધુ સુધરશે અને પરસ્પર સંબંધો પણ વધુ મજબૂત બનશે. ઉતાવળ અને અતિશય ઉત્સાહના કારણે પણ તમે મુશ્કેલીમાં મુકાઈ જશો.

(ડ.હ)

### સિંહ



તમારી રસપ્રદ પ્રવૃત્તિઓમાં થોડો સમય વિતાવવાથી તમે શારીરિક અને માનસિક રીતે ઉર્જાવાન અનુભવશો અને તમે તમારા મહત્વપૂર્ણ કાર્યોમાં સંપૂર્ણ ઉર્જા સાથે ધ્યાન કેન્દ્રિત કરી શકશો. જો તમને કોઈ નિર્ણય લેવામાં કોઈ સમસ્યાનો સામનો કરવો પડે છે તો કોઈ વરિષ્ઠ વ્યક્તિની સલાહ અવશ્ય લો.

(મ.ટ)

### કન્યા



તમારી બધી શક્તિ તમારા કામ પર કેન્દ્રિત કરો. આજે તમને તમારા પ્રયત્નોનું સકારાત્મક પરિણામ મળશે. આર્થિક યોજનાઓને સાકાર કરવા માટે આ યોગ્ય સમય છે. પૈસાની લેવડદેવડ સંબંધિત પ્રવૃત્તિઓ પણ થશે. ભૂતકાળની નકારાત્મક બાબતોને વર્તમાન પર હાવી ન થવા દો.

(પ.ઠ.ણ)

### તુલા



ગ્રહોની સ્થિતિ તમારું ભાગ્ય વધુ મજબૂત કરી રહી છે. સફળતા મેળવવા માટે બીજાના કામ પર વધુ ધ્યાન આપવાને બદલે તમારા અંગત કામ પર વધુ ધ્યાન આપો. બાળકોની સમસ્યાઓ સાંભળો અને તેનો ઉકેલ લાવો. તેનાથી તેમનું મનોબળ વધશે. કોઈ સંબંધીના કારણે તમારું કોઈ કામ અધવચ્ચે અટકી શકે છે.

(ર.ત)

### વૃશ્ચિક



તમે દિવસભર ઘરની વ્યવસ્થા અને સુધારણા સંબંધિત કામમાં વ્યસ્ત રહેશો. આર્થિક સ્થિતિ સુધારવાના પ્રયાસો સફળ થશે. બાળકો સાથે બેસીને તેમની સમસ્યાઓ ઉકેલવાથી તેમની ખુશી અને આત્મવિશ્વાસમાં વધારો થશે. તમારા બાળકોને કોઈપણ ભૂલ માટે ઠપકો આપવાનું કારણ તેમને માર્ગદર્શન આપવું છે.

(ન.ય)

### ધન



ગ્રહોની સ્થિતિ તમારા માટે મોટી સિદ્ધિઓ લઈને આવી રહી છે. આજે તમે કોઈ મોટો નિર્ણય લેશો. અને તમારી ક્ષમતાથી તમે મુશ્કેલ કાર્યોને પણ સરળ બનાવશો. વધુ મહેનત કરવી જોઈએ. વેપારમાં વધારો કેવી રીતે તે યોજનાઓ બનશે. તમને કોઈ પ્રભાવશાળી વ્યક્તિ પાસેથી યોગ્ય સલાહ પણ મળશે.

(ભ.ફ.ધ.ઢ)

### મકર



બહારના સંપર્કોથી ઘણો ફાયદો થવાનો છે. જે કામ તમે લાંબા સમયથી કરવાનું વિચારી રહ્યા છો, હવે તેને શરૂ કરવાનો સમય આવી ગયો છે. ડહાપણ અને સમજદારીથી કામ કરવાથી દરેક દાવ તમારા પક્ષમાં રહેશે. કોઈ સંબંધી સાથે વિવાદ થવાની સંભાવના છે. પરંતુ તમારા ગુસ્સા અને ઉત્તેજના પર નિયંત્રણ રાખો.

(ખ.જ)

### કુંભ



ફોન કોલ દ્વારા તમને કેટલીક લાભકારી માહિતી મળી શકે છે. જે તમારા ભવિષ્ય માટે પણ મદદરૂપ થશે. ખાસ કરીને મીડિયા અને સંપર્ક સ્ત્રોતોને લગતી પ્રવૃત્તિઓ પર તમારું ધ્યાન રાખો. પાડોશી કે મિત્ર સાથે વાદ-વિવાદ જેવી સ્થિતિ સર્જાઈ રહી છે. તેથી વાદ-વિવાદમાં પડવાને બદલે માત્ર તમારા કામ પર ધ્યાન આપો.

(ગ.સ.શ.ષ)

### મીન



જો કોઈ પ્રોપર્ટી કે અન્ય કોઈ કામ અટક્યું હોય તો કોઈ અનુભવી વ્યક્તિની સલાહ અવશ્ય લેવી. ચોક્કસ તમને ઉકેલ મળશે. સખત મહેનત અને એકાગ્રતાથી તમારું અંગત કામ ઘણી હદ સુધી સરળતાથી પૂર્ણ થશે. બિનજરૂરી ખર્ચના કારણે તમને આર્થિક નુકસાન થશે. અચાનક તમારી સામે કોઈ મુશ્કેલી ઉભી થશે.

(દ.ચ.ઝ.થ)

# નેપોટિઝમ પર વિદ્યા બાલનનું મોટું નિવેદન

## ‘સિને જગત કોઈના બાપની ઇન્ડસ્ટ્રી નથી...’

■ મુંબઈ

વિદ્યા બાલનની એક્ટિંગ સફર લોકપ્રિય સિરિયલ ‘હમ પાંચથી’ શરુ થઈ હતી. ત્યારબાદ બોલિવૂડમાં પોતાની ઓળખ ઉભી કરવા તેને ખૂબ જ મહેનત કરી હતી. વિદ્યાએ 2005માં સંજય દત્ત અને સૈફ અલી ખાન સાથે ફિલ્મ પરિણીતામાં અભિનય કર્યો અને ત્યારબાદ તેની ફિલ્મ સફર શરુ થઈગઈ હતી. એવામાં હાલ તેની પ્રતિક ગાંધી સાથે એક ફિલ્મ ‘દો ઔર દો પ્યાર’ આવી રહી છે, તે દરમિયાન એક ઈન્ટરવ્યુમાં કોઈપણ કનેક્શન વગર ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં ટોચ પર પહોંચેલી અભિનેત્રીએ નેપોટિઝમ વિશે ખુલીને વાત કરી હતી. ‘દો ઔર દો પ્યાર’ બેવફાઈની આસપાસ ફરતી ફિલ્મ છે. વિદ્યાએ બોલિવૂડમાં ચર્ચિત વિષય નેપોટિઝમ વિષે વાત કરી હતી. જ્યારે વિદ્યાને પૂછવામાં આવ્યું કે શું તેમને ક્યારેય આનો ભોગ બનવું પડ્યું છે, તો આ પ્રશ્નના જવાબમાં અભિનેત્રીએ કહ્યું કે, “મને ક્યારેય ખબર નહોતી કે આ પ્રશ્નનો જવાબ કેવી રીતે આપવો કારણ કે નેપોટિઝમ કે વગર નેપોટિઝમ હું અહીં છું.



# ઉપરાછાપરી ફલોપ બાદ અક્ષય સાઉથના સહારે

## પહેલી તેલુગુ ફિલ્મમાં ભગવાન શિવની ભૂમિકા ભજવે તેવી ચર્ચા

■ મુંબઈ

બોલીવૂડમાં લાંબા સમયથી લાગલગાટ ફલોપ ફિલ્મો આપી રહેલા અક્ષય કુમારે પણ હવે ઝડપી સફળતા માટે સાઉથની વાટ પકડી છે. તે પ્રભાસ અને કૃતિ સેનનની ફિલ્મ ‘કનપ્પા’માં ભગવાન શિવની ભૂમિકા ભજવવાનો છે. અક્ષયની ‘બડે મિયાં છોટે મિયાં’ બોક્સ ઓફિસ પર ડિઝાસ્ટર સાબિત થઈ છે. છેલ્લાં બે વર્ષમાં તેની મોટાભાગની ફિલ્મો ફલોપ થતાં તે હાંસિયામાં ધકેલાઈ ગયો છે. ફિલ્મના એક સહકલાકાર વિષ્ણુ મંચૂએ સોશિયલ મીડિયા પર તસવીર શેર કરતાં લખ્યું હતું કે કન્નપ્પા ફિલ્મ સાથે અક્ષય કુમાર જોડાયો હોવાથી કામ કરવાનો આનંદ અને રોમાંચ વધી ગયો છે. અભિનેતાએ તેગુલુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાનું ડેબ્યુ કરી દીધું છે.



# ડાન્સર અને અભિનેત્રી નોરા ફતેહીએ યુગલોના દંભનો મોટો પર્દાફાશ કર્યો

## મોટાભાગના બોલીવૂડ કપલ વ સાચો પ્રેમ નથી, બધા ઢોંગ કરે છે

મુંબઈ : બોલીવૂડનાં મોટાભાગનાં કપલ વચ્ચે ખરેખર પ્રેમ છે જ નહીં પરંતુ તેઓ એક ચોક્કસ સર્કિટમાં રહેવા, ફિલ્મો અને એન્ડોર્સમેન્ટ મેળવવા તથા પબ્લિસિટી ખાતર પ્રેમનો ઢોંગ કરે છે અને સાથે હરવાફરવાનાં તથા ડેટિંગના નાટકો કરે છે એમ નોરા ફતેહીએ જણાવ્યું છે. નોરા ફતેહીઅ એક પોડકાસ્ટમાં કહ્યું હતું કે આ યુગલો જાહેરમાં જે પ્રેમ દર્શાવે છે તે વાસ્તવમાં બનાવટ છે. તેઓ બહુ ગણતરીબાજ છે. લોકો દેખાડા માટે પ્રેમ સંબંધ બાંધે છે અને દેખાડા માટે જ કે પછી પાવર કપલ તરીકે નેટવર્કિંગ અને એન્ડોર્સમેન્ટ માટે લગ્ન પણ કરી લે છે. નોરાએ કહ્યું હતું કે આ બધુ પૈસા અને લોકપ્રિયતા મેળવવા માટે થતું હોય છે. અહીં યુવક અને યુવતીઓ પૈસા, લોકપ્રિયતા અને પાવર માટે પોતાનું જીવન બરબાદ કરી નાખતી હોય છે. તેઓ એવા પુરુષ સાથે લગ્ન કરતા હોય છે લગ્ન પછી પણ પ્રેમ નથી કરતા હોતા પરંતુ વરસો સુધી સાથે રહેતા હોય છે. આ ઈન્ડસ્ટ્રીમાં આ બધું બહુ સહજ છે.

**પબ્લિસિટી માટે બધા કરે છે સ્ટંટ**

નોરાએ કોઈ ચોક્કસ યુગલનાં નામ આપ્યાં નથી પરંતુ બોલીવૂડમાં જે રીતે મુક્ત ડેટિંગ તથા પાર્ટનર્સમાં પરિવર્તનો થયા કરતાં હોય છે તે વાસ્તવમાં પબ્લિસિટી ખાતર હોવાનું અગાઉ પણ ચર્ચાયું છે. રણબીર કપૂર માટે અગાઉ એમ કહેવાતું હતું કે તે તેની દરેક ફિલ્મની હિરોઈન સાથે પ્રેમનું નાટક કરતો હતો. સોનમ કપૂર, નરગિસ ફખ્રી, કેટરિના કૈફ ,દીપિકા પાદુકોણ એમ બધી જ હિરોઈન સાથે તેના અફેરની અફવા ક્યારેક ને ક્યારેક ચગી હતી.

# ઈમરાન હાશ્મી અને મલ્લિકા શેરાવત ઝઘડો ભૂલી ગળે મળ્યાં

## મર્ડરની જોડીનું રિયુનિયન ચાહકોએ વધાવ્યું, સાથે ફિલ્મમાં જોવા મળી શકે

■ મુંબઈ

ઈમરાન હાશ્મી અને મલ્લિકા શેરાવત બે દાયકા જૂનો ઝઘડો ભૂલીને જાહેરમાં એકબીજાને પ્રેમપૂર્વક ગળે મળતાં તેમના ચાહકો ખુશ થઈ ગયા હતા. બંનેની કેરિયરની માઈલસ્ટોન સમાન ફિલ્મ ‘મર્ડર’નાં શૂટિંગ વખતે જ તેમની વચ્ચે તકરાર થઈ હતી. ફિલ્મ નિર્માતા આનંદ પંડિતની દીકરીના રિસેપ્શનમાં આ બંને કલાકારો એકઠા થઈ ગયા હતા અને એકમેકને જોઈ ઉમળકાથી ભેટી પડયા હતા. આ વીડિયો બહુ વાયરલ થયો છે. બંનેએ હસતા મુખે તસવીરકારોને પોઝ પણ આપ્યો હતો. ‘મર્ડર’ની જોડીનાં રિયુનિયનને



ચાહકોએ પણ વધાવ્યું હતું. કેટલાય ચાહકોએ અપેક્ષા વ્યક્ત કરી હતી કે હવે આ જોડીએ ફરી સાથે ફિલ્મો કરવી જોઈએ.

૨૦૨૧ના એક ઈન્ટરવ્યુમાં મલ્લિકાએ તેમની તકરારને બાલીશ ગણાવી હતી. તેણે કહ્યુ હતુ કે,અમે બન્નેએ મર્ડર ફિલ્મ દરમિયાન અને પછી વાતચીત જ નહોતી કરી એ સાવ બાળક જેવું વર્તન મને હવે લાગી રહ્યું છે. અમારા વચ્ચે ગેરસમજ થઇ હતી.

# જાહ્નવીની ફિલ્મ મે અથવા જૂનમાં આવશે

■ મુંબઈ

છેલ્લા કેટલાય સમયથી થિયેટર સ્ક્રીન પર ઓછી અને સોશિયલ મીડિયામાં જ ઝાઝી દેખાતી જાહ્નવી કપૂરની બે ફિલ્મોની રીલિઝ ડેટ આખરે જાહેર થઈ છે. તેની ‘મી. એન્ડ મિસિસ માહી’ આગામી મે માં જ્યારે ‘ઉલઝ’ આગામી જુલાઈમાં રજૂ થશે. ગયા વર્ષે જાહ્નવીની ‘બવાલ’ ફિલ્મ રીલિઝ થઈ હતી. તે પછી તેણે ‘રોકી ઔર રાની કી પ્રેમ કહાની’ તથા ‘તેરી બાતોં મે ઐસા ઉલઝા જિયા’માં કેમિયો કર્યા હતા. ‘મિ. એન્ડ મિસિસ માહી’ ફિલ્મ મહેન્દ્ર સિંહ ધોની પર આધારિત છે. આ ફિલ્મમાં રાજ કુમાર રાવ ધોનીના પાત્રમાં છે. આ ફિલ્મ લાંબા સમયથી તૈયાર થઈને પડી હોવાનું કહેવાય છે પરંતુ તેની રીલિઝ ડેટ જાહેર થતી ન હતી. છેલ્લા અહેવાલો અનુસાર ફિલ્મ તા. ૧૯મી એપ્રિલે રીલિઝ થવાની હતી પરંતુ તે ડેટ પણ લંબાઈ હતી.

આઈપીએલના દમ પર ખેલાડીઓને તક તો મળે છે પરંતુ અમુક ખેલાડીઓ જ તેમાં સફળ રહે છે

# IPL 2024 છવાઈ ગયા આ 5 નવા ખેલાડીઓ, ટીમ ઈન્ડિયામાં પણ મોકો મળે તેવી આવડત

**નવી દિલ્લી : IPL 2024માં લખનૌ સુપર જાયન્ટ્સ (LSG)ના ફાસ્ટ બોલર મયંક યાદવની દરેક જગ્યાએ ચર્ચા થઈ રહી છે. મયંક યાદવે આ IPL સિઝનમાં RCB સામેની મેચમાં 156.7 કિમી પ્રતિ કલાકની ઝડપે બોલ ફેંક્યો હતો. 156.7 કિમી પ્રતિ કલાકની ઝડપે બોલ ફેંકીને મયંક યાદવ રાતોરાત સ્ટાર બની ગયો હતો. મયંક યાદવ જેવા ખતરનાક ઝડપી બોલરને ટીમ ઈન્ડિયામાં જલ્દી તક મળવાની સંભાવના છે. મયંક યાદવને IPL 2022ની હરાજીમાં લખનૌ સુપર જાયન્ટ્સે 20 લાખ રૂપિયાની બેસ પ્રાઈઝમા ખરીદ્યો હતો...**



### રિયાન પરાગ

IPL 2024માં રાજસ્થાન રોયલ્સના બેટ્સમેન રિયાન પરાગનો એક અલગ અંદાજ જોવા મળી રહ્યો છે. રિયાન પરાગે IPL 2024માં અત્યાર સુધીમાં 3 અડધી સદી ફટકારી છે. રિયાન પરાગે અત્યાર સુધીમાં IPL 2024માં 7 મેચમાં 63.60ની શાનદાર એવરેજ અને 161.42ની સ્ટ્રાઈક રેટથી 318 રન બનાવ્યા છે. કેટલાક અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે, પસંદગીકારો રિયાન પરાગને ટી-20 વર્લ્ડ કપ 2024ની ટીમમાં સામેલ કરવા પર વિચાર કરી રહ્યા છે.



### શશાંક સિંહ

IPL 2024માં 4 એપ્રિલે રમાયેલી રોમાંચક મેચમાં શશાંક સિંહ રાતોરાત ચર્ચામાં આવ્યો હતો. IPL 2024માં પંજાબ કિંગ્સના બેટ્સમેન શશાંક સિંહે દુનિયાને બતાવ્યું છે કે, તે મેચ પૂરી કરવામાં કેટલા સક્ષમ છે. ગુજરાત ટાઈટન્સ સામેની આ મેચમાં શશાંક સિંહે 29 બોલમાં અણનમ 61 રન બનાવ્યા હતા. શશાંક સિંહે અત્યાર સુધી IPL 2024માં 6 મેચમાં 73ની શાનદાર એવરેજ અને 184.81ની સ્ટ્રાઈક રેટથી 146 રન બનાવ્યા છે.



### આશુતોષ શર્મા

આશુતોષ શર્માએ પોતાની ઈનિંગને કારણે ઘણી ચર્ચા જગાવી હતી. આશુતોષ શર્માએ અત્યાર સુધી IPL 2024માં 3 મેચમાં 47.50ની શાનદાર એવરેજ અને 197.91ની સ્ટ્રાઈક રેટથી 95 રન બનાવ્યા છે. 4 એપ્રિલે ગુજરાત ટાઈટન્સ સામે રમાયેલી રોમાંચક મેચમાં આશુતોષ શર્માએ 17 બોલમાં 31 રનની તોફાની ઈનિંગ રમી હતી. ગયા વર્ષે આશુતોષ શર્માએ સૈયદ મુશ્તાક અલી T20 ટ્રોફીમાં 11 બોલમાં 50 રનની શાનદાર ઈનિંગ રમીને યુવરાજ સિંહનો રેકોર્ડ તોડ્યો હતો.



### અભિષેક શર્મા

અભિષેક શર્મા IPL 2024માં સનરાઈઝર્સ હૈદરાબાદની ટીમનો જીવ છે. અભિષેક શર્મા અને ટ્રેવિસ હેડની ઓપનિંગ જોડી સનરાઈઝર્સ હૈદરાબાદને લગભગ દરેક મેચમાં તોફાની શરૂઆત આપી રહી છે. અભિષેક શર્માએ અત્યાર સુધી IPL 2024માં 6 મેચમાં 35.17ની એવરેજ અને 197.19ની સ્ટ્રાઈક રેટથી 211 રન બનાવ્યા છે. અભિષેક શર્મા જેવા ખતરનાક બેટ્સમેનને ટીમ ઈન્ડિયામાં જલ્દી તક મળવાની સંભાવના છે.

## પૂર્વ કેપ્ટન-વિરાટ કોહલી T20 વર્લ્ડ કપ 2024માં ઓપનિંગ કરશે

### BCCIની બેઠકમાં કરવામાં આવી ચર્ચા, T20 વર્લ્ડ કપ જૂનમાં રમાશે

■ મુંબઈ

સ્ટાર બેટર વિરાટ કોહલી T20 વર્લ્ડ કપ 2024માં રોહિત શર્મા સાથે ઓપનિંગ કરી શકે છે. T20 વર્લ્ડ કપ આ વર્ષે જૂનમાં અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં રમાશે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ ગયા અઠવાડિયે મુંબઈમાં આ અંગે એક બેઠક યોજી હતી. આ બેઠકમાં ટીમ ઈન્ડિયાના કેપ્ટન રોહિત શર્મા, મુખ્ય કોચ રાહુલ દ્રવિડ અને મુખ્ય પસંદગીકાર અજીત અગરકર હાજર હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, BCCIની બેઠકમાં રોહિત સાથે વિરાટ કોહલીને ઓપનિંગની તક આપવા અંગે ચર્ચા થઈ હતી. થોડા સમય પહેલા કોહલીએ T20 વર્લ્ડ કપમાં રમવા અંગે ટીમ મેનેજમેન્ટ પાસેથી સ્પષ્ટતા માગી હતી. રિપોર્ટ અનુસાર, ટીમ મેનેજમેન્ટે તેને આ અંગે સ્પષ્ટતા પણ આપી છે.

હકીકતમાં, થોડા સમય પહેલા સુધી T20 વર્લ્ડ કપની ટીમમાં કોહલીના સ્થાનને લઈને ઘણી અટકળો ચાલી રહી હતી. અહેવાલો અનુસાર, ગયા વર્ષે ODI વર્લ્ડ કપ પછી જ્યારે રોહિત, દ્રવિડ અને પસંદગીકારો મળ્યા હતા, ત્યારે T20 ટીમમાં કોહલીનું સ્થાન નિશ્ચિત નહોતું, પરંતુ છેલ્લા કેટલાક મહિનામાં ઘણું બદલાઈ ગયું છે. 2022 T20 વર્લ્ડ કપથી 2023 ODI વર્લ્ડ કપ સુધી એકપણ T20 મેચ રમી નથી. કોહલીએ આ વર્ષે જાન્યુઆરીમાં અફઘાનિસ્તાનની હોમ સિરીઝ માટે પોતાને ઉપલબ્ધ જાહેર કર્યા હતા.




## IPLમાં રાજસ્થાનના બેટરે તોફાની ઈનિંગ રમી, ટીમને જીત અપાવી

### રન ચેઝ કરતાં સાતમી સદી ફટકારીને વિરાટ કોહલીને પાછળ છોડી દીધો

■ નવી દિલ્લી

IPL 2024માં મંગળવારે રાજસ્થાન રોયલ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે એક રસપ્રદ મેચ રમાઈ હતી. આ રસાકસી ભરી મેચમાં રાજસ્થાને છેલ્લા બોલ પર વિજય મેળવ્યો હતો. 224 રનના લક્ષ્યને રાજસ્થાને આઠ વિકેટ ગુમાવીને હાંસલ કર્યો હતો. IPLમાં આ સૌથી મોટો રન ચેઝ છે. RRએ આ મામલે પોતાના જ ચાર વર્ષ જૂના રેકોર્ડની બરાબરી કરી હતી. તો, કેકેઆરના સુનીલ નરેન અને પછી આરઆરના જોસ બટલરની સદીએ આ મેચને ખૂબ શાનદાર બનાવી હતી. બંનેએ કેટલાય રેકોર્ડ પોતાના નામે કર્યા.

આ રસપ્રદ મેચમાં બટલરે 60 બોલમાં નવ ચોગ્ગા અને છ છગ્ગાની મદદથી 107 રનની અણનમ ઈનિંગ રમી હતી. આ સમયગાળા તેમનો સ્ટ્રાઈક રેટ 178.33 રહ્યો હતો. IPLમાં આ તેની સાતમી સદી હતી અને સિઝનમાં તેની બીજી સદી હતી. આ પહેલા તેણે RCB સામે 100 રનની અણનમ ઈનિંગ રમી હતી. તો આ સાથે IPLમાં સૌથી વધુ સદી ફટકારવા મામલે તે બીજા નંબર પર આવી ગયો છે. બટલરે આ મામલે ક્રિસ ગેલને પાછળ પાડ્યો છે, તેણે આ લીગમાં છ સદી ફટકારી હતી. મહત્ત્વની વાત એ છે આ હવે તે સૌથી વધુ સદી ફટકારનાર વિરાટ કોહલીના રેકોર્ડથી માત્ર એક સદી દૂર રહ્યા છે. વિરાટ કોહલીએ આ સિઝનમાં રાજસ્થાન સામે તેની IPL કરિયરની આઠમી સદી ફટકારી હતી.





## ચેન્નઈ સુપર કિંગ્સનો સ્ટાર ડેવોન કોન્વે IPLમાંથી બહાર થયો

### રિચાર્ડ ગ્લિસન નામના ઘાતક બોલરની ટીમમાં એન્ટ્રી થઈ

■ ચેન્નઈ

આઈપીએલ 2024 વચ્ચે ચેન્નઈ સુપર કિંગ્સને મોટો ઝટકો લાગ્યો છે. ડ્વેન કોનવે હવે ઈજાના કારણે સિઝનમાંથી બહાર થઈ ગયો છે. આઈપીએલ 2024ની શરૂઆત પહેલા સમાચાર આવ્યા હતા કે કોનવે આ સિઝનના પહેલા તબક્કામાંથી બહાર છે. હવે કોનવેની જગ્યાએ રિચર્ડ ગ્લીસને હવે CSK ટીમમાં પ્રવેશ કર્યો છે. ડ્વેન કોનવે આઈપીએલ 2024ની શરૂઆત પહેલા જ ઈજાગ્રસ્ત થઈ ગયો હતો. કોનવેએ છેલ્લી બે સિઝનમાં સીએસકે માટે શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેણે આઈપીએલમાં અત્યાર સુધીમાં 23 મેચ રમી છે. જેમાં 924 રન બનાવ્યા છે. આ સમયગાળા દરમિયાન કોનવેનો બેસ્ટ સ્કોર 92 રન રહ્યો છે. કોનવેએ આઈપીએલમાં 9 ફિફ્ટી પણ ફટકારી છે. આ આઈપીએલમાં ચેન્નઈ સુપરકિંગ્સની ટીમે અત્યાર સુધી 4 મેચમાં જીત મેળવી છે. જ્યારે 3 મેચમાં તેનો પરાજય થયો છે. બોલરનો સમાવેશ થતાં ટીમને વધુ મજબૂતાઈ મળશે તે નક્કી છે.





**રિચાર્ડ ગ્લીસનનો ટીમમાં પ્રવેશ** ચેન્નઈ સુપર કિંગ્સે હવે બાકીની સિઝન માટે 36 વર્ષીય ઈંગ્લેન્ડના ફાસ્ટ બોલર રિચર્ડ ગ્લીસનને પોતાની ટીમમાં સામેલ કર્યો છે. રિચર્ડ ગ્લીસન અત્યાર સુધી 6 T20 આંતરરાષ્ટ્રીય મેચ રમી ચૂક્યો છે. જેમાં તેના નામે 9 વિકેટ છે. સીએસકેએ હરાજી દરમિયાન રિચર્ડ ગ્લીસનને 50 લાખ રૂપિયામાં ખરીદ્યો હતો.

**સીએસકે અદ્ભુત ફોર્મમાં** આ સિઝનમાં સીએસકેની કમાન ઋતુરાજ ગાયકવાડના હાથમાં છે અને ટીમ આ સિઝનમાં સારું પ્રદર્શન કરી રહી છે. આ સિઝનમાં અત્યાર સુધીમાં સીએસકે 6 મેચ રમી ચૂકી છે. જેમાંથી ટીમે 4માં જીત મેળવી છે, આ સિવાય સીએસકેને 2 મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે. સીએસકે ટીમ પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને છે.

## અમેરિકાએ UNSCમાં બદલાવને સમર્થન આપ્યું...

# સંગઠનને 21મી સદીને લાયક બનાવવું અત્યંત જરૂરી, ભારતનો સમાવેશ ક્યારે?

### છેલ્લા ઘણા સમયથી ભારતને સ્થાન મળે તે માટે માગણી ઉઠી રહી છે

■ વોશિંગ્ટન

યુનાઈટેડ નેશન્સ સિક્યોરિટી કાઉન્સિલ (UNSC)માં ભારતના કાયમી સભ્યપદ અંગે ઈલોન મસ્કના નિવેદન પર અમેરિકાની પ્રતિક્રિયા સામે આવી છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા વેદાંત પટેલે એક પ્રેસ બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, "અમેરિકા UNSC સહિત અન્ય UN સંસ્થાઓમાં સુધારાને સમર્થન આપે છે. આ સંસ્થાઓમાં કેટલાક બદલાવની જરૂર છે." વેદાંત પટેલે વધુમાં જણાવ્યું હતું કે, "રાષ્ટ્રપતિએ UNની બેઠકમાં પણ આ અંગે વાત કરી છે. અમે UNSCમાં સુધારાને સમર્થન આપીએ છીએ, જેથી 21મી સદી માટે યોગ્ય બનાવી શકાય. અમે અત્યારે કોઈ એક સુધારાનો ઉલ્લેખ કરી રહ્યા નથી. પરંતુ તે ચોક્કસ છે કે UNSCમાં બદલાવ કરવાની જરૂર છે."

**આ કારણે ભારત UNSCમાં કાયમી સભ્યપદ ઈચ્છે છે** સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ અથવા UNSC એ સંયુક્ત રાષ્ટ્રના છ મુખ્ય અંગોમાંથી એક છે. આ UNની સૌથી શક્તિશાળી સંસ્થા છે. તે આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા સુનિશ્ચિત કરવા અને યુએન ચાર્ટરમાં કોઈપણ ફેરફારોને મંજૂરી આપવા માટે જવાબદાર છે. કેટલાક મામલામાં UNSC આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા જાળવવા અથવા ફરીથી પ્રતિબંધો લગાવવા અથવા બળનો ઉપયોગ કરી શકે છે. તેનો અર્થ એ છે કે જો ભારત પણ UNSCનું કાયમી સભ્ય બની ગયું, તો વિશ્વના કોઈપણ મોટા મુદ્દા પર તેની સહમતિ જરૂરી રહેશે.





### ભારત લાંબા સમયથી માંગ કરી રહ્યું છે

ભારત લાંબા સમયથી સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં કાયમી સભ્યપદની માંગ કરી રહ્યું છે. ભારત કાયમી સભ્યપદ દ્વારા વિકાસશીલ દેશોનું પ્રતિનિધિત્વ કરવા માંગે છે. હવે અમેરિકાના સમર્થન બાદ દેશની માંગ વધુ વેગ પકડી છે. ભારત UNSCમાં કાયમી સભ્યપદ માટે દેશોનું સતત સમર્થન મેળવી રહ્યું છે.

**■ દુનિયાના તમામ દેશો ભારતની તરફેણ કરે છે પરંતુ ચીનના કારણે કાયમ ભારતના હાથ ખાલી રહે છે, જોકે હવે સમયની માગ પણ છે જરૂરિયાત પણ.**

### 'ભારતને કાયમી સભ્યપદ ન આપવું તેને વાહિયાત ગણાવ્યું'

ટેસ્લાના માલિક ઈલોન મસ્કે જાન્યુઆરીમાં ભારતને UNSCમાં કાયમી સભ્યપદ ન આપવાને વાહિયાત ગણાવ્યું હતું. મસ્કે તેના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું, "કેટલીક બાબતો પર UNમાં સુધારો કરવાની જરૂર છે. પરંતુ કેટલાક દેશો તેમની સત્તા છોડવા માંગતા નથી. વિશ્વના સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ ભારત માટે UNSCમાં કાયમી સભ્યપદ ન હોવું એ વાહિયાત છે. આફ્રિકાને પણ સામૂહિક રીતે કાયમી સભ્યપદ મળવું જોઈએ. મસ્કની ટિપ્પણી યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસે UNSCના સ્થાયી દેશોમાં કોઈ આફ્રિકન દેશની હાજરી ન હોવા પર ચિંતા વ્યક્ત કર્યા બાદ આવી હતી.

### 'UNSCની બેઠક માટે અમે ક્યાં સુધી રાહ જોઈએ'

જાન્યુઆરીની શરૂઆતમાં, વિદેશ પ્રધાન એસ જયશંકરે યુએન સુરક્ષા પરિષદમાં ભારતની કાયમી સભ્યપદ માટે વધતા વૈશ્વિક સમર્થન પર ભાર મૂક્યો હતો. માર્ચમાં, UNમાં ભારતના કાયમી પ્રતિનિધિ રૂચિરા કંબોજે કહ્યું હતું કે સુરક્ષા પરિષદમાં સુધારા પર ચર્ચા 1990ના દાયકામાં શરૂ થઈ હતી. દુનિયા અને આપણી આવનારી પેઢીઓએ કેટલી રાહ જોવી પડશે? અમે વધુ રાહ જોઈ શકતા નથી. રુચિરા કંબોજે સૂચવ્યું હતું કે આવતા વર્ષે UNની 80મી વર્ષગાંઠ છે અને સપ્ટેમ્બરમાં એક મહત્વપૂર્ણ શિખર સમેંલન યોજાવા જઈ રહ્યું છે. આવા સમયે આ જરૂરી સુધારાઓ લાવવા જોઈએ. ભારતીય જનતા પાર્ટીએ પણ ચૂંટણી પહેલા પોતાના મેનિફેસ્ટોમાં સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદમાં કાયમી સ્થાન મેળવવાનું વચન આપ્યું છે.

# પ્રિન્સ હેરીએ બ્રિટન છોડ્યું, કેલિફોર્નિયાનું સરનામું લખાવ્યું

### છેલ્લાં 4 વર્ષથી પરિવાર સાથે અમેરિકામાં રહે છે

■ કેલિફોર્નિયા

રાજવી પરિવાર સાથેના વિવાદ વચ્ચે પ્રિન્સ હેરીએ સત્તાવાર રીતે બ્રિટન છોડી દીધું છે. હેરીએ પોતાનું સત્તાવાર સરનામું બ્રિટનને બદલે કેલિફોર્નિયા, યુએસએ કરી દીધું છે. સ્કાય ન્યૂઝના અહેવાલ મુજબ, પ્રવાસન ચેરિટી ટ્રાવેલિસ્ટના એક દસ્તાવેજમાં પ્રિન્સ હેરીનું પૂરું નામ અને તેનું પ્રાથમિક સરનામું કેલિફોર્નિયા લખવામાં આવ્યું હતું. આ પહેલા હેરી હંમેશાં પોતાના પ્રાથમિક સરનામા તરીકે બ્રિટન લખતા હતા. આ ફેરફાર 29 જૂન 2023ના રોજ કરવામાં આવ્યો હતો. જો કે હવે આ માહિતી સામે આવી છે. ગયા વર્ષે 29 જૂને બકિંગહામ પેલેસે પુષ્ટિ કરી હતી કે હેરી અને તેની પત્ની મેગન હવે બ્રિટનની ફ્રોગમોર કોટેજ છોડી ગયા છે. ફ્રોગમોર કોટેજ એ જ ઘર છે જે 2018માં રાણી એલિઝાબેથને તેમના લગ્નમાં ભેટમાં આપવામાં આવ્યું હતું.



## NEWS FILE

### ન માન્યા નેતન્યાહૂ, ઈરાન પર મિસાઈલ હુમલો કરી દીધો




જેરુસલેમઃ ઈઝરાયલે ઈરાન પર મિસાઈલ હુમલો કર્યો છે. એબીસી ન્યૂઝે અમેરિકન અધિકારીઓને ટાંકીને આ માહિતી આપી છે. ઈરાનના ઈસ્ફહાન શહેરના એરપોર્ટ નજીક વિસ્ફોટનો અવાજ સંભળાયો છે. જો કે, ઈઝરાયલે હજુ સુધી આ વાતની પુષ્ટિ કરી નથી. ઈરાનની ફાર્સ ન્યૂઝ એજન્સીએ આ જાણકારી આપી છે. ફ્લાઈટ ટ્રેકિંગ વેબસાઈટ ફ્લાઈટ રડાર અનુસાર, વિસ્ફોટો બાદ ઘણી ફ્લાઈટ્સ ઈરાની એરસ્પેસથી ડાયવર્ટ કરવામાં આવી છે. સીએનએન ન્યૂઝ અનુસાર લગભગ 8 વિમાનોએ તેમનો રૂટ બદલ્યો હોવાના અહેવાલ છે. ઈસ્ફહાન એ જ પ્રાંત છે જ્યાં નાટાન્ઝ સહિત ઈરાનની ઘણી પરમાણુ સાઈટ્સ આવેલી છે.

### ઈન્ડોનેશિયામાં જ્વાળામુખી ફાટ્યો, સુનામીનું એલર્ટ

જકાર્તાઃ ઈન્ડોનેશિયાના માઉન્ટ રુઆંગ પર બુધવારથી સતત જ્વાળામુખી ફાટવાની ઘટના બની રહી છે. અહીં 24 કલાકમાં 5 વખત જ્વાળામુખી ફાટ્યો છે. ખતરાને જોતા રુઆંગની આસપાસના વિસ્તારમાં રહેતા 11 હજાર લોકોને સલામત સ્થળે મોકલવામાં આવ્યા છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટના અધિકારીઓએ આગામી 24 કલાક માટે એરપોર્ટ બંધ રાખવાનો આદેશ આપ્યો છે. જ્વાળામુખીમાંથી નીકળતા લાવાને કારણે સુનામીની ચેતવણી જારી કરવામાં આવી છે. જેના કારણે હજારો ફૂટ ઉંચો લાવા ઉછળ્યો છે.

### દિનેશ ત્રિપાઠી ઈન્ડિયન નેવીના નવા પ્રમુખ, 30મીએ ચાર્જ લેશે



નવી દિલ્હીઃ વાઈસ એડમિરલ દિનેશ ત્રિપાઠીને ઈન્ડિયન નેવીના નવા વડા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારે ગુરુવારે મોડી રાત્રે આની જાહેરાત કરી હતી. દિનેશ ત્રિપાઠી વર્તમાન નેવી ચીફ એડમિરલ આર હરિ કુમારનું સ્થાન લેશે. તેઓ 30 એપ્રિલે નિવૃત્ત થઈ રહ્યા છે. દિનેશ ત્રિપાઠી આજ દિવસે ચાર્જ સંભાળશે. દિનેશ ત્રિપાઠી હાલમાં વાઈસ ચીફ ઓફ નેવલ સ્ટાફ છે. તેઓ અગાઉ વેસ્ટર્ન નેવલ કમાન્ડના ફ્લેગ ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ રહી ચૂક્યા છે. તેમની 39 વર્ષની લાંબી કારકિર્દીમાં તેમણે ઈન્ડિયન નેવીના ઘણા મહત્વપૂર્ણ એસાઈમેન્ટ પર કામ કર્યું છે.

# ભારતમાં લોકશાહીના મહાપર્વનો પ્રારંભ થયો « પ્રથમ તબક્કામાં 21 રાજ્યોની 102 બેઠકો પર મતદાન...

### 16.63 કરોડથી વધુ મતદારોએ મતદાન કર્યુ અને અપીલ પણ કરી

■ નવી દિલ્લી

વિશ્વના સૌથી મોટા લોકતંત્રમાં શુક્રવારથી લોકસભા ચૂંટણીમાં મતદાન પ્રક્રિયા શરૂ થઇ ગઇ છે. સાત તબક્કામાં યોજાનારી લોકસભા ચૂંટણીના પહેલા તબક્કામાં શુક્રવારે ૨૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 102 બેઠકો પર મતદાન શાંતિપૂર્ણ માહોલમાં યોજાયું. પહેલા તબક્કાના મતદાનમાં ૧૬૨૫ ઉમેદવારો મેદાનમાં છે. તેમજ કેન્દ્રના 8 મંત્રીઓના નસીબ ઈવીએમમાં લોક થઈ ગયું. લોકસભા ચૂંટણીના પહેલા તબક્કાના મતદાન સાથે અરૂણાચલ પ્રદેશની 60 બેઠક અને સિક્કિમની 32 બેઠકોમાં વિધાનસભાની ચૂંટણી પણ યોજાઈ.ચૂંટણી પંચ મુજબ પહેલા તબક્કાના મતદાનમાં કુલ ૧૬૨૫ ઉમેદવારો મેદાનમાં છે, જેમાં ૧૪૯૧ પુરુષ અને ૧૩૪ મહિલા ઉમેદવારો છે. પહેલા તબક્કાના મતદાનમાં માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરી, પૃથ્વી વિજ્ઞાન મંત્રી કિરણ રિજિજૂ સહિત ૮ કેન્દ્રીય મંત્રી, બે પૂર્વ મુખ્યમંત્રી ત્રિપુરામાં વિપ્લવ દેવ અને અરૂણાચલમાં નબામ તુકી રેસમાં છે.



### તમિલનાડુની તમામ 39 બેઠક પર મતદાન

પહેલા તબક્કાના મતદાનમાં તમિલનાડુ જ એક એવું મોટું રાજ્ય છે જેની બધી જ ૩૯ બેઠકો પર મતદાન થયું. આ સિવાય રાજસ્થાનની ૧૨, ઉત્તર પ્રદેશની ૮, મધ્ય પ્રદેશની ૬, મહારાષ્ટ્ર, અસમ અને ઉત્તરાખંડની ૫-૫, બિહારની ૪, પશ્ચિમ બંગાળની ૩, મેઘાલય, અરૂણાચલ પ્રદેશ અને મણિપુરની ૨-૨ તેમજ પુડુચેરી, મિઝોરમ, છત્તીસગઢ, જમ્મુ-કાશ્મીર, લક્ષદ્વીપ, સિક્કિમ, ત્રિપુરા, નાગાલેન્ડ અને અંદામાન-નિકોબારની ૧-૧ બેઠક પર મતદાન શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયું. દેશમાં 543 લોકસભા મતવિસ્તારોમાં કુલ મતદારોની સંખ્યા 97 કરોડ છે ત્યારે શુક્રવારે 16.63 કરોડથી વધુ મતદારોએ મતદાન કર્યુ, જેમાં ૨૦થી ૨૯ વર્ષની વય જૂથના ૩.૫૧ કરોડ યુવા મતદારોનો સમાવેશ થાય છે. આ સાથે ૩૫.૬૭ લાખ મતદારોએ પહેલી વખત મતદાન કર્યુ. આ વખતે 16 કરોડથી વધારે મતદારોએ પોતાના મતાધિકારનો પ્રયોગ કર્યો હતો.